॥ ॐ ॥

॥ श्रीसद्‌गुरुर्विजयतेतमाम् ॥

सनातनधर्मनी प्रथम गर्जना ॥

(सनातनधर्मनुं निरूपण.)

लेखक

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીમન્‌નથુરામશર્મા.

બીલખા. કાઠીઆવાડ.

પ્રકટ કરનાર

કેશવલાલ માણેકલાલ રાસ.

વરતેજ. કાઠીઆવાડ.

દોહરો.

શોકદુઃખ સઘળાં ટળે, પરમાનંદ પમાય;

"ગર્જન" સુણી હૃદયે ધરી, વર્તનમાંહી લવાય. ૧.

નિર્મળ પ્રિંટિંગ પ્રેસમાં લલ્લુભાઇ ઇશ્વરભાઇએ છાપી.

પીરમસા રોડ—અમદાવાદ.

દ્વિતીયાવૃત્તિ. પ્રતિ ૫૦૦.

શાકે ૧૮૩૯. સંવત્ ૧૯૭૧. ક્રીસ્તાબ્દ ૧

મૂલ્ય રૂ. ૦-૧-૦

સનાતનધર્મને લગતાં પુસ્તકો.

શ્રીઉપનિષદો:—તાત્પર્યદીપિકાટીકાસહિત. આવૃત્તિ બીજી. ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, શ્રીગૌડપાદીય કારિકાસહિત માંડુક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, શ્વેતાશ્વતર ને કૈવલ્ય એ બાર ઉપનિષદો મૂળ તેની ગુજરાતીટીકાસહિત, તથા ૧૦૬ ઉપનિષદોનો ગુજરાતીમાં સાર. રૂ. ૫–૦–૦

શ્રીવેદાંતદર્શન:—અન્વય, અન્વયાર્થ ને તાત્પર્યદીપિકાટીકાસહિત. પાકું પુંઠું. રૂ. ૩–૮–૦, કાચું પુંઠું. રૂ. ૩–૦–૦

શ્રીમદ્ભગવદ્ગીતા:—ત્રીજી આવૃત્તિ. પદ, પદાર્થ, અન્વય ને રહસ્યદીપિકાટીકાસહિત. રૂ. ૨–૪–૦

શ્રીપાતંજલયોગદર્શન:—આવૃત્તિ ત્રીજી. મૂલસૂત્રો, પદબોધિનીનામની સંસ્કૃતટીકા, સૂત્રોનો શબ્દાર્થ, અને વિસ્તૃત વિવેચનસહિત. રૂ. ૨–૪–૦

શ્રીયોગકૌસ્તુભ:—આવૃત્તિ ત્રીજી. અષ્ટાંગયોગનું અતિસ્પષ્ટ વિવેચન. રૂ. ૧–૪–૦

શ્રીસાંખ્યદર્શન:—મૂલ સંસ્કૃત સૂત્રો, સૂત્રોનો શબ્દાર્થ, ને રહસ્યપ્રદીપિકાનામની ગુજરાતીટીકા. રૂ. ૧–૪–૦

શ્રીપરમપદબોધિની:—આવૃત્તિ ત્રીજી. વેદાંતસાર, યોગસાર, સાંખ્યસાર, ભક્તિનિરૂપણ, શાસ્ત્રાદિની એકવાક્યતા, અને ઉપદેશક પદો. રૂ. ૦–૧૨–૦

સદુપદેશદિવાકર, પ્રથમ કિરણ:—આવૃત્તિ બીજી. ...ત્માશ્રીતરફથી સાધકજનોપર લખાયેલાં પત્રોનો પ્રથમ ... ૧૨–૦

...શદિવાકર, દ્વિતીય કિરણ:—એવા પત્રોનું બીજું ... ૧૨–૦

ૐ

પ્રસ્તાવના.+

પ્રિય શ્રદ્ધાલુ સજ્જનો! ઘણી વાર એવું બને છે કે અમુક વિષયના સંબંધમાં આપણે જાણીએ છીએ એમ આપણે માનતા હોઇએ છીએ, અને તે સંબંધી વાતો પણ કરતા હોઇએ છીએ, છતાં એ વિષયનું ચોકસ જ્ઞાન આપણે ધરાવતા નથી એવું આપણને પ્રસંગોપાત્ત જણાઇ આવે છે, ને તે વેલા આપણું અજ્ઞાન દૂર કરવાની આપણને તક મળે છે. આપણામાંના ઘણાકને આ વાત અનુભવસિદ્ધ નથી થઇ શું?

વસ્તુનું લઘુપણું કે મહત્પણું એજ કાંઇ તેની ઉપયોગિતા કે મૂલ્ય નિર્ધારણ કરવામાં હેતુભૂત થતું નથી, પણ તેની અંતરનું સત્ત્વજ તેની ઉપયોગિતા કે મૂલ્ય નિર્ધારણ કરવામાં હેતુભૂત થાય છે. સાચાં મોતીઓ અને રત્નો નાનાં છતાં ઘણાં કિંમતી હોય છે એવું આપણે ક્યાં નથી જાણતા? અને વળી ખરું જોઇએ તો સત્ય બહુ ટુંકું હોય છે, ને બાકી તો તેનો વિસ્તાર હોય છે.

બંધુઓ! સનાતનધર્મનું સ્વરૂપ શું? તેનો શો ઉદ્દેશ છે તેની કેટલી ગહનતા છે? તેની કેટલી વિશાલતા છે? તેની કેટલી

+ આ પવિત્ર લેખ "સનાતનધર્મની ગર્જનાઓ"ના પહેલા અંકતરીકે સં૦ ૧૯૬૯માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તેની નકલો ખપી જતાં ને ગ્રાહકોની માગણીઓ ઉપરાઉપરિ થતાં તેની સુધારાવધારા સાથે આ બીજી આવૃત્તિ છપાવવામાં આવી છે.

ઉદારતા છે ! ને તે કેવો સુગંભીર, ભવ્ય અને પરમોપકારક ઉપદેશ કરે છે ? ઇત્યાદિ ઇત્યાદિ જાણવાની તમારી જિજ્ઞાસા છે ? જો તમને તેવી જિજ્ઞાસા હોય તો તે સુખેથી પૂર્ણ કરો. તમે, કે જે દિવ્ય ઉદ્યાનના ખુલ્લા દરવાજાપર ઊભેલા છો તેને દિવ્ય ઉદ્યાનનાં વખાણ સંભળાવવાની શી જરૂર છે ! તમને તો એટલુંજ કહેવું બસ છે કે ભાઇઓ ! ઉદ્યાનમાં સત્વર પ્રવેશ કરો, અને મનોરમ વૃક્ષોની ત્રિવિધતાપને હરનારી શીતલ છાયાનો, કદીપણ ન કરમાય એવાં સાચાં પુષ્પોના પવિત્ર, હિતકર ને દિવ્ય સુગંધનો, તથા સ્વર્ગીય વનપક્વ પૌષ્ટિક મિષ્ટ ફલોની અલૌકિક મધુરતાનો અનુભવ કરો !

આનંદાશ્રમ, બીલખા.
શ્રીદત્તજયંતી સં. ૧૯૭૧.

श्रीनाथसद्गुरुबाल
माणिक्यवर्मा.

ॐ

॥सनातनधर्मनी प्रथम गर्जना॥

(सनातनधर्मनुं निरूपण.)

અનાદિસિદ્ધધર્મ તે સનાતનધર્મ કહેવાય છે. આ ધર્મ પૃથિવીપરના અન્ય સર્વ ધર્મોનો પોતાનામાં યથાયોગ્ય સમાવેશ કરે છે, પરંતુ કોઇ પણ ધર્મને તે કેવલ મિથ્યા કહેતો નથી. આ ધર્મની આવી વ્યાપકતા હોવાથીજ આ ધર્મને સનાતનધર્મ કહેવામાં આવે છે તે યોગ્યજ છે. સિંહની પ્રતાપી ગર્જનાથી જેમ શિયાળિયાં આદિ નિર્બલ પશુઓનાં હૃદયો કંપી ઊઠે છે, તેમ સનાતનધર્મની પ્રતાપી ગર્જનાથી મિથ્યાવાદીઓનાં નિર્બલ હૃદયો કંપી ઊઠે છે.

સનાતનધર્મની પ્રતાપી ગર્જના મનુષ્યોનાં હૃદયોને શાશ્વતી શાંતિ ને શાશ્વત સુખ આપનાર શુભ વિચાર કરવાભણી દોરે છે, તેમના હૃદયમાં રહેલી દુઃખદ પાપી વાસનાઓનો નાશ કરે છે, તેમનાં હૃદયોની પવિત્રતા, સૂક્ષ્મતા ને એકાગ્રતા વધારે છે, તેમનાં હૃદયોમાં પૃથિવીપરના સર્વ ધર્મોનો સમન્વય કરવાનું બલ વધારે છે, તેમનાં હૃદયોમાં વિવેકની તથા પરમતસહિષ્ણુતાની વૃદ્ધિ કરે છે, ને તેમનાં હૃદયોમાં સદાચાર પાળવાનું બલ તથા કર્તવ્યનિષ્ઠાનું બલ વધારે છે.

સનાતનધર્મની ગર્જના જ્ઞાન, ભક્તિ, યોગ, શાસ્ત્રોક્ત શુભકર્મ, સદાચરણ ને શુદ્ધવ્યવહારનો પ્રબલ પડઘો મનુષ્યોનાં હૃદયોપર પાડે છે. એ પડઘાથી જાગેલો મનુષ્ય જ્યાં હોય ત્યાંથી સત્યભણી ચાલવાના દૃઢ નિશ્ચયવાળો થાય છે, તે સત્યભણી ચાલવા માંડે છે, તે સત્યને વહેલો કે મોડો પ્રાપ્ત થાય છે, ને તેથી તે કૃતાર્થ થાય છે.

આ ગર્જના સાક્ષાત્ કે પરંપરાવડે મનુષ્યના હૃદયમાં રહેલા અનાદિ અજ્ઞાનનો નાશ કરે છે, અજ્ઞાનનો નાશ થવાથી તેને આશરે રહેલું ભેદજ્ઞાન નાશ પામે છે, ભેદજ્ઞાનનો નાશ થવાથી અનુકૂલપણાનું જ્ઞાન તથા પ્રતિકૂલપણાનું જ્ઞાન નાશ પામે છે, અનુકૂલપણાનું તથા પ્રતિકૂલપણાનું જ્ઞાન નાશ પામવાથી રાગ તથા દ્વેષ નાશ પામે છે, રાગ તથા દ્વેષ નાશ પામવાથી ધર્માધર્મની અભિમાનવાળી પ્રવૃત્તિ નાશ પામે છે, ધર્માધર્મની અભિમાનવાળી પ્રવૃત્તિ નાશ પામવાથી ધર્માધર્મના સંસ્કારો પડતા બંધ થાય છે, ધર્માધર્મના સંસ્કારો પડતા બંધ થવાથી ને પૂર્વના તેવા સંસ્કારો દાહ પામવાથી આત્મા સ્થૂલ, સૂક્ષ્મ ને કારણશરીરથી સદાને માટે મોકળો થાય છે, ને આત્મા ત્રણુ શરીરના સંબંધથી રહિત થવાથી તે આધ્યાત્મિક, આધિભૌતિક ને આધિદૈવિક આ ત્રણ તાપોથી અત્યંત મોકળો થાય છે. આવી રીતે આ ભવ્ય ને મનોહારિણી ગર્જના સાક્ષાત્ કે પરંપરાએ મનુષ્યને ત્રિવિધ તાપોથી મોકળો કરી પરમાનંદરૂપ સ્થિતિને પ્રાપ્ત કરે છે. સજ્જનો ! મોહનિદ્રામાંથી જાગો, ઊઠો, અને શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ ને પરમકરુણાલુ સદ્ગુરુને શરણે જાઓ, એમ આ ગર્જના સર્વ સુખેચ્છુઓને પોકારીને દૃઢતાપૂર્વક જણાવે છે. સુખેચ્છુઓ ! જો તમે તેમ કરશો તો ઉપર કહેલું ફલ મેળવવા તમે અવશ્ય ભાગ્યશાલી થશો.

તમારું એટલે સર્વ જીવોનું તથા તમને પ્રતીત થતા આ સર્વ જડ જગત્નું વાસ્તવિક કારણ બ્રહ્મજ છે એમ આ ગર્જના તમને સ્પષ્ટરીતે જણાવે છે. નામ, રૂપ ને ક્રિયા આ ત્રણને અર્થાત્ જગત્ને દૂર કરવાથી તે ત્રણેની પછવાડે રહેલ અસ્તિ, ભાતિ ને પ્રિય વા સત્, ચિત્ ને આનંદરૂપ સ્વભાવવાળી વસ્તુ જે બ્રહ્મ કહેવાય છે તેનો, પ્રયત્ન કરનારને અભેદભાવે, સાક્ષાત્કાર થાય છે. જેમ વસ્ત્ર, કાગળ કે ભીંત આદિને આધારે રહેલાં ચિત્રોની પ્રતીતિ મનુષ્યાદિને થાય છે, તેમ બ્રહ્મને આધારે રહેલા આ વિચિત્ર જગત્ની પ્રતીતિ પ્રાણીઓને થાય છે. પ્રાણિપદાર્થોમાં જે હોવાનો, પ્રતીત થવાનો, ને સુખરૂપ જણાવાનો સ્વભાવ છે, તે સ્વભાવ તે તે પ્રાણિપદાર્થનો નથી, પણ તેના અધિષ્ઠાન બ્રહ્મનોજ છે. જેમ લાડુમાં જે ગળપણ પ્રતીત થાય છે તે ગળપણ ગોળ, શાકર કે ખાંડનું છે, તેમ આ દૃશ્ય જગત્માં જે હોવાપણું, જ્ઞાન ને આનંદાદિ સ્વભાવો પ્રતીત થાય છે તે સ્વભાવો બ્રહ્મનાજ છે.

શ્રીસદ્ગુરુના ઉપદેશવિના એ અસંગ, સૂક્ષ્મતમ ને અતીંદ્રિય બ્રહ્મનું સ્વરૂપ જાણી શકાતું નથી. વ્યાકરણ ને ન્યાયાદિ શાસ્ત્રોવિષે કુશલમાં કુશલ પુરુષ પણ પોતાના અંતઃકરણની યોગ્યતાવિના તથા શ્રીસદ્ગુરુના ઉપદેશવિના એ બ્રહ્મને અભેદભાવે જાણવા સમર્થ થઇ શકતો નથી. જો માત્ર પાંડિત્યથીજ એ બ્રહ્મનો સાક્ષાત્કાર થઇ શકતો હોત, ને શોકનો પાર પમાતો હોત, તો શ્રીનારદજી જે અનેક વિદ્યામાં નિષ્ણાત હતા, તેમને શોકાતીત સ્થિતિ પ્રાપ્ત થઇ હોત, ને તેમને ભગવાન્ સનત્કુમારને શરણે જવું ન પડયું હોત. સજ્જનો ! ઉપદેશના લાભમાટે સરલતા ને નમ્રતા રાખવાનો બોધ પાણીના નળની નીચે રાખેલા જલપાત્રપાસેથી લ્યો. જો તે જલપાત્ર જલના

નળની નીચે ને સરલ છે તોજ તેમાં નળનું પાણી સુખપૂર્વક પડે છે, તેમ તમે જો તમારા હૃદયમાં નમ્રતા ને સરલતા રાખશો તોજ તમારા હૃદયમાં તમારા શ્રીસદ્ગુરુનો ઉપદેશ આવીને સ્થિતિ કરશે, ને તમે તે પ્રમાણે વર્તી કૃતાર્થ થશો.

પરમ પવિત્ર, પરમ એકાગ્ર, પરમ સૂક્ષ્મ, અંતર્મુખ, વેદાંતના સંસ્કારોવાળું, ને શ્રીસદ્ગુરુના કારુણ્યને પાત્ર થયેલું સાધકનું ચિત્ત બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે. બ્રહ્મનો સાક્ષાત્કાર થવાથી પુરુષ કૃતાર્થ થાય છે. પછી તેને અહિં કાંઇ પ્રાપ્તવ્ય, જ્ઞાતવ્ય કે કર્તવ્ય અવશેષ રહેતું નથી.

બલવાન્ પાપસંસ્કારોથી રહિત ચિત્તવાળા, શાંત ચિત્તવાળા, જડ તથા ચેતનના વિવેકવાળા, જડ વસ્તુઓમાં વિરાગવાળા, મનને વશ વર્તાવનારા, ઈંદ્રિયોને વશ વર્તાવનારા, સદ્ગુરુનાં ને સત્શાસ્ત્રનાં વચનોમાં પ્રામાણિકપણાના દૃઢ નિશ્ચયવાળા, પ્રતિકૂલ પ્રસંગોમાં મનની એકાગ્રતા જાળવી રાખવાના બલવાળા, સકામકર્મો કરવાના ત્યાગવાળા, માનાપમાનાદિ દ્વંદ્વોને સહન કરવાના બલવાળા, ને તીવ્ર જિજ્ઞાસાવાળા પુરુષો વેદાંતસિદ્ધાંતનું શ્રવણ કરવાના મુખ્યાધિકારી છે. તે સાધનો જેમનામાં ન્યૂન હોય તેઓ વેદાંતસિદ્ધાંતનું શ્રવણ કરવાના ગૌણાધિકારી છે. જેઓ વેદાંતસિદ્ધાંતનું શ્રવણ કરવાના મુખ્યાધિકારવાળા છે તેઓને વેદાંતસિદ્ધાંતનું મનન ને નિદિધ્યાસન અલ્પસમયજ કરવાં પડે છે, અર્થાત્ શ્રવણપછી અલ્પ સમયના મનન ને નિદિધ્યાસનવડે તેમનું ચિત્ત બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા સમર્થ થાય છે; જેઓ મધ્યમાધિકારી હોય છે તેમને માત્ર શ્રવણથી ને અલ્પસમયના મનનથી તેમ નિદિધ્યાસનથી બ્રહ્મસાક્ષાત્કાર થતો નથી, પણ શ્રવણપછી વધારે સમય આદરપૂર્વક મનન કર-

વાથી તથા થોડો સમય નિદિધ્યાસન કરવાથી તેમને બ્રહ્મસાક્ષાત્કાર થાય છે; ને જેઓ કનિષ્ઠાધિકારીઓ હોય છે તેમને વારંવાર વેદાંત-સિદ્ધાંતનું શ્રવણ કરવાથી, વારંવાર એકાંતમાં તેનું મનન કરવાથી, ને બહુ આદરપૂર્વક ચિરકાલ નિદિધ્યાસન કરવાથી બ્રહ્મસાક્ષાત્કાર થાય છે. વેદાંતસિદ્ધાંતના સાવધાનતાળા શ્રવણથી તે શ્રોતાને સર્વ ઉપનિષદો સાક્ષાત્ વા પરંપરાવડે અદ્વિતીયબ્રહ્મનોજ ઉપદેશ કરે છે એમ સ્પષ્ટ સમજાય છે. પછી તેના ચિત્તમાં ઉપનિષદો જીવબ્રહ્મના ભેદનું પ્રતિપાદન કરતી હશે કે અદ્વિતીયબ્રહ્મનું પ્રતિપાદન કરતી હશે ? એવો લેશ પણ સંશય રહેતો નથી. ભેદનું મિથ્યાપણું દઢ કરાવનારી ને અભેદનું સત્યપણું દઢ કરાવનારી યુક્તિઓવડે એકાંતમાં અદ્વિતીય-બ્રહ્મનો વિચાર કરવાથી મોક્ષના, મોક્ષનાં સાધનોના, અને આત્માના ને બ્રહ્મના સંબંધના સર્વ સંશયો તે મનન કરનારના ચિત્તમાંથી દૂર થાય છે. વળી તેના ચિત્તમાં સર્વશાસ્ત્રોના તથા સર્વ મતપંથોના સિદ્ધાંતોનો સમન્વય કરવાનું અપૂર્વ ને ઉપયોગી બલ પણ પ્રકટે છે. આવો સમન્વય કરવાનું બલ ચિત્તમાં પ્રાપ્ત નહિ થવાથીજ અલ્પશ્રુત મનુષ્યો ધર્મના નિમિત્તથી પરસ્પર ક્લેશ કરે છે એમ તેને સમજાય છે. અનાદિ કાલની દેહ, ઇંદ્રિયો, પ્રાણ ને અંતઃકરણ વા જીવમાં રહેલી આત્માની બુદ્ધિ ને પ્રતીત થતા જગત્માં રહેલી સત્યપણાની બુદ્ધિ નિદિધ્યાસનથી દૂર થાય છે. આદરપૂર્વક વારંવાર બ્રહ્માકાર-વૃત્તિ કર્યા કરવી, ને બ્રહ્મથી ભિન્ન વિષયને વિષય કરનારી વૃત્તિ-ઓને રોકયા કરવી તે નિદિધ્યાસન વા બ્રહ્મધ્યાન કહેવાય છે.

જેમનું ચિત્ત અશુદ્ધ હોય તેમના ચિત્તમા વિવેકાદિ સાધનોનો ઉદય થઇ શકતો નથી. એવા અશુદ્ધ ચિત્તવાળા મનુષ્યે શાસ્ત્રોમાં કહેલાં શુભ કર્મો ફલેચ્છાનો તથા કર્તાપણાની બુદ્ધિનો ત્યાગ

કરીને કરવાં જોઇએ. જેમને શાસ્ત્રોક્ત શુભકર્મમાં શ્રદ્ધા ન હોય તેમણે સદાચરણને માર્ગે ચાલી પ્રામાણિકતાથી પોતાનો પ્રાપ્તવ્યવહાર ચલાવવો જોઇએ.

જેમ વિવેકાદિ તથા શ્રવણાદિ સાધનોવડે બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવાથી પુરુષ કૃતાર્થ થાય છે, તેમ ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાથી પણ બ્રહ્મના સાક્ષાત્કારવડે પુરુષ કૃતાર્થ થાય છે. ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાની યોગ્યતા મેળવવા ચિત્તને પવિત્ર તથા એકાગ્ર કરવું પડે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ ને પ્રત્યાહાર વડે સાધકને ચિત્તની પવિત્રતા પ્રાપ્ત થાય છે; અને ધારણા, ધ્યાન, સમાધિ ને સંયમવડે તેને ચિત્તની એકાગ્રતાનો લાભ થાય છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ આ પાંચ યમ કહેવાય છે. હિંસાદિ નિષિદ્ધ કર્મોથી રોકનાર હોવાથી એ પાંચને યમ કહેવામાં આવે છે. શાસ્ત્રોક્ત કર્મથી ભિન્ન પ્રસંગમાં મન, વાણી ને શરીરથી કોઇ પણ પ્રાણીને પીડા ન કરવી તે અહિંસા કહેવાય છે. કોઇનું અહિત નહિ કરનારું યથાર્થ બોલવું તે સત્ય કહેવાય છે. કોઇના સ્વામીપણાવાળી કોઇ પણ વસ્તુ તેના સ્વામીની અનુમતિવિના ન લેવી તે અસ્તેય કહેવાય છે. આરંભમાં પુરુષે સ્ત્રીના સંગની ઇચ્છાને અને સ્ત્રીએ પુરુષના સંગની ઇચ્છાને વશ વર્તાવવી, અને પછીથી તે ઇચ્છાને નિર્મૂલ કરવી તે બ્રહ્મચર્ય કહેવાય છે. મમતાપૂર્વક પદાર્થોનો સંગ્રહ ન કરવો તે અપરિગ્રહ કહેવાય છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય ને ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ કહેવાય છે. પહેરવાનાં વસ્ત્રો, શરીર ને અંતઃકરણ પવિત્ર રાખવાં તે શૌચ કહેવાય છે. પોતાના વર્ણાશ્રમને અનુસરીને યથાયોગ્ય ઉદ્યોગ કરતાં જે અન્નવસ્ત્રાદિ પ્રાપ્ત થાય તેમાં પોતાના મનને તૃપ્ત રાખવું તે સંતોષ

કહેવાય છે. અંતઃકરણને પવિત્ર કરનારી કોઇ પણ ક્રિયા તપ કહેવાય છે. અર્થના તથા તાત્પર્યના જ્ઞાનસહિત મોક્ષશાસ્ત્રોનું અવલોકન વા ધ્યાનસહિત ઇષ્ટમંત્રનો જપ તે સ્વાધ્યાય કહેવાય છે. લૌકિકવૈદિક સર્વ કર્મો નિરભિમાનપણે કરવાં, ને તે સર્વ કર્મોનું ફલ પરમાત્માને અર્પણ કરવું તે ઈશ્વરપ્રણિધાન કહેવાય છે. આ શૌચાદિ શુભ કર્મો સાધકને સકામકર્મથી રોકી નિષ્કામકર્મમાં જોડે છે, માટે તે નિયમ કહેવાય છે. શરીર અડગ રહે, ને શરીરના અવયવોને વ્યથા ન થાય એવી રીતે પોતાના શરીરની સ્થિતિ રાખવી તે આસન કહેવાય છે. સિદ્ધાસન, પદ્માસન ને સ્વસ્તિકાસન એ ત્રણ આસનો પ્રાણાયામ તથા ધારણાદિમાં ઉપયોગી છે. પ્રાણને સ્થિર કરવો તે પ્રાણાયામ કહેવાય છે. પ્રાણને સ્થિર કરવામાં અનુલોમવિલોમપ્રાણાયામની તથા ભસ્ત્રિકાપ્રાણાયામની ક્રિયા ઉપયોગી થાય છે. ઇંદ્રિયો અંતઃકરણને અનુસરતી કરવાની ક્રિયાને પ્રત્યાહાર કહેવામાં આવે છે. યમનિયમવડે ચિત્તની પવિત્રતા થાય છે, આસનવડે ચિત્તમાંનો રજોગુણ બલહીન થાય છે, પ્રાણાયામવડે ચિત્તમાંનો રજોગુણતમોગુણ વિશેષ બલહીન થવાથી અંતઃકરણમાં સત્ત્વગુણની વૃદ્ધિ થઇ તે ધારણામાં જોડાવાની યોગ્યતાને પામે છે, ને પ્રત્યાહારવડે ઇંદ્રિયોનું ચાંચલ્ય દૂર થવાથી અંતઃકરણમાં અંતર્મુખ થવાની યોગ્યતા આવે છે. યોગનાં આ પાંચે અંગોને યોગનાં બહિરંગ એટલે બહારનાં અથવા દૂરનાં સાધનો કહેવામાં આવે છે, કેમકે તે ચિત્તની યોગ્યતા વધારવામાં ઉપયોગી થાય છે. ધારણા, ધ્યાન ને સમાધિ આ ત્રણને યોગનાં અંતરંગ વા સમીપનાં સાધનો કહેવામાં આવે છે, કેમકે એ ત્રણે ચિત્તવૃત્તિને એકાગ્ર કરવામાં ઉપયોગી થાય છે. આત્મામાં અંતઃકરણને સ્થિર સ્થાપવાનો પ્રયત્ન કરવો તે ધારણા,

અંતઃકરણની વૃત્તિ કેટલોક સમય આત્માકાર રહ્યા કરે તે ધ્યાન, ને ધ્યાતા તથા ધ્યાનનું ભાન શિથિલ થઇ એક ધ્યેયરૂપ આત્માનીજ સ્ફૂર્તિ કેટલોક સમય રહે તે સમાધિ કહેવાય છે. આત્મામાં ધારણા, ધ્યાન ને સમાધિ થઇ ચિત્તની આત્મામાં વિશેષ એકાગ્રતા થાય તેને સંયમ કહેવામાં આવે છે. એ સંયમનો પરિપાક થવાથી સંપ્રજ્ઞાતયોગની પ્રાપ્તિ થાય છે. સંપ્રજ્ઞાતયોગની પ્રાપ્તિ થયે તે યોગીનું ચિત્ત વધારે પવિત્ર, વધારે સૂક્ષ્મ, ને વધારે એકાગ્ર થઇ તે ચિત્ત આત્માનો સાક્ષાત્કાર કરવા સમર્થ થાય છે. સંપ્રજ્ઞાતયોગના વારંવારના અનુષ્ઠાનથી તે યોગીના ચિત્તમાં પરવૈરાગ્યનો ઉદય થઈ, પછી ચિત્તની આત્માકારવૃત્તિઓ ઊડતી બંધ થઇ, ચિત્ત સંસ્કારશેષ-દશાને પામે છે, અર્થાત્ યોગીને જ્ઞાત ન થાય તથા ચિત્તમાં પડેલા આત્માનુભવના સંસ્કારોથી ભિન્ન પ્રતીત ન થાય એવી ઘણીજ સૂક્ષ્મવૃત્તિઓ ચિત્તમાંથી આત્માને આકારે થાય છે. આવી રીતે ચિત્તની વૃત્તિઓ આત્માને આકારે કરવાથી વા ચિત્તવૃત્તિ-ઓનો આત્મામાં નિરોધ કરવાથી પણ પરમતત્ત્વના સાક્ષાત્કારનો લાભ થઇ પુરુષ કૃતાર્થ થાય છે

આત્મામાં વા બ્રહ્મમાં પરમપ્રેમ રાખવાથી પણ પુરુષ અન્ય વિષયોની તૃષ્ણાથી મોકળો થઇ આત્મા વા બ્રહ્મને જાણીને કૃતાર્થ થાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ આ પાંચ વિષયો, સર્વ-પ્રકારનું દ્રવ્ય, સ્ત્રી ને પુત્ર એ સર્વમાં જે પ્રીતિ રહી હોય તે સર્વ-ના કરતાં, આત્માને લીધે એ સર્વ પ્રિય લાગે છે એમ સમજી, આત્મામાં વધારે પ્રીતિ રાખવી તે પણ પ્રેમાળ હૃદયવાળાને કૃતાર્થ કરવામાં હેતુભૂત થાય છે. પ્રેમમાર્ગે ચાલી અર્થાત્ ભક્તિમાર્ગે ચાલી કૃતાર્થ થવા ઇચ્છનાર મનુષ્યે પ્રથમ પોતાના હૃદયમાં કયા કયા વિષ-

યમાં કેટલા કેટલા પ્રમાણમાં પ્રીતિ રહી છે તે શાંત ચિત્તે નિરીક્ષણ કરીને નક્કી કરવું, ને પછી કયા વિષયમાં સૌથી વધારે પ્રીતિ રહી છે તે નક્કી કરવું. આમ પોતાના હૃદયમાંની પ્રીતિઓના વિષયો ઓળખી પછી પોતાની પરમપ્રીતિના વિષયરૂપ આત્મા વા બ્રહ્મ છે એમ નક્કી કરવું, કેમકે આ આત્મા વા બ્રહ્મમાં પરમપ્રીતિ કરવાથીજ પુરુષને પરમશાંતિ ને પરમાનંદનો લાભ થાય છે પરમાત્માના અનન્ય-ભક્તોનો આદરપૂર્વક સમાગમ કરવાથી, બ્રહ્મસ્વરૂપના માહાત્મ્યજ્ઞાનથી, ને પરમાત્માની તથા તેમના અનન્યભક્તોની કૃપાથી પુરુષને પરમાત્મામાં પરમ પ્રેમ પ્રકટે છે, માટે પોતાના ચિત્તવિષે પરમાત્મામાં પરમ પ્રેમ પ્રકટાવવા ઇચ્છનારે પરમાદરપૂર્વક પરમાત્માના અનન્યભક્તોનો સમાગમ કરવો, બ્રહ્મસ્વરૂપના જ્ઞાનથી ત્રણ પ્રકારનાં દુઃખોનો ઐકાંતિક તથા આત્યંતિક નાશ ને પરમાનંદની નિત્ય પ્રાપ્તિ થઇ પુરુષ કૃતાર્થ થાય છે એવું બ્રહ્મસ્વરૂપના જ્ઞાનનું માહાત્મ્ય જાણવું, ને પરમાત્માની તથા પરમાત્માના અનન્યભક્તોની કૃપા મેળવવા શુદ્ધભાવથી સતત ઘણામાં ઘણો પ્રયત્ન કરવો. મનુષ્યોના મોટા ભાગના બહિર્મુખ મનને બહારના શબ્દાદિ વિષયોમાંના કોઇ એક વા વધારે વિષયમાં વા તેમનાં ઉપકરણોમાં પરમપ્રેમ હોય છે કોઇને સ્ત્રીમાં, કોઇને પુત્રમાં કોઇને પુત્રીમાં, કોઇને પશુઓમાં, કોઇને વાહનમાં, કોઇને ઘરમાં, કોઇને ખેતરમાં, કોઇને રોકડ દ્રવ્યમાં, કોઇને વસ્ત્રોમાં, કોઇને અલંકારોમાં, કોઇને ખાવાપીવાની વસ્તુઓમાં, કોઇને સુંઘવાની વસ્તુઓમાં, કોઇને સ્પર્શના વિષયરૂપ પ્રાણિપદાર્થમાં, કોઇને ગાયનાદિના શ્રવણમાં, ને કોઇને નાનાપ્રકારનાં રૂપોવાળા પ્રાણિપદાર્થોનાં રૂપો જોવામાં પરમપ્રીતિ હોય છે. અવિવેકી મનુષ્યોને આ પરમપ્રીતિઓ તે તે વસ્તુઓની યોગ્યતા સમજ્યા વિના ભ્રાંતિથી

થયેલી હોય છે. વિવેકી મનુષ્યોએ એ સર્વ ભ્રાંતિઓને વિવેક, વૈરાગ્ય ને પરમાત્માના સ્મરણધ્યાનવડે ત્યજી પરમાત્મામાંજ ઉત્તરોત્તર પ્રીતિનો વધારો કરવો જોઇએ.

સૂક્ષ્મબુદ્ધિવાળા ને વૈરાગ્યવાળા મનુષ્યને પરમતત્ત્વનું જ્ઞાન મેળવી કૃતાર્થ થવું સુલભ પડે છે, ચિત્તની એકાગ્રતાના અભ્યાસમાં રુચિવાળા ને વૈરાગ્યવાળા મનુષ્યને ચિત્તવૃત્તિનો નિરોધ કરી કૃતાર્થ થવું સુલભ પડે છે, ને રસિકસ્વભાવના ને સહનશીલ મનુષ્યને પરમાત્મામાં પરમપ્રીતિ રાખવારૂપ ભક્તિવડે કૃતાર્થ થવું સુલભ પડે છે.

સનાતનધર્મ સદ્ગુરુરૂપે સંસારમાં પ્રવેશવા (બ્રહ્મચર્ય પૂરું કરી ગૃહસ્થ થવા) ઇચ્છતા મનુષ્યને કેવો લાભકારક ઉપદેશ કરે છે તે નીચેનાં શ્રીતૈત્તિરીયોપનિષદ્નાં વચનો વાંચવાવિચારવાથી વિવેકી મનુષ્યોના ધ્યાનમાં આવશેઃ—

"सत्यं वद। धर्मं चर। स्वाध्यायान्मा प्रमदः।... सत्यान्न प्रमादितव्यम्। धर्मान्न प्रमादितव्यम्। कुशलान्न प्रमादितव्यम्। भूत्यै न प्रमदितव्यम्।... देवपितृकार्याभ्यां न प्रमदितव्यम्। मातृदेवो भव। पितृदेवो भव। आचार्यदेवो भव। अतिथिदेवो भव। यान्यनवद्यानि कर्माणि तानि सेवितव्यानि नो इतराणि। यान्यस्माकं सुचरितानि तानि त्वयोपास्यानि नो इतराणि।... श्रद्धया देयम्। अश्रद्धया देयम्। श्रिया देयम्। ह्रिया देयम्। भिया देयम्। संविदा देयम्॥"

ભાવાર્થઃ—સદ્ગુરુ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાની ઇચ્છાવાળા શિષ્યને કહે છેઃ—બીજાનું અહિત ન થાય એવું કપટરહિત વિવેક-

યુક્ત સત્યભાષણ કરો. તમારા અંતઃકરણની પવિત્રતા, સૂક્ષ્મતા ને એકાગ્રતા વધારી તમારી અવનતિને–પડતીને–રોકી ઉત્તરોત્તર તમારી ઉન્નતિને–ચઢતી સ્થિતિને–કરનારા ધર્મનું શ્રદ્ધાપૂર્વક ને પ્રીતિપૂર્વક સેવન કરો. આત્માના, બ્રહ્મના, ઇશ્વરના, જીવના, મોક્ષના ને મોક્ષનાં સાધનોનાં સ્વરૂપનું નિરૂપણ કરનારાં શાસ્ત્રોનું અર્થ તથા તાત્પર્યના જ્ઞાનપૂર્વક અધ્યયન કરવાનું કદીપણ વિસ્મરણ ન કરો; અથવા તમારા શાસ્ત્રોક્ત લક્ષણવાળા ગુરુએ ઉપદેશ કરેલા મંત્રનો ભાવનાપૂર્વક જપ કરવાનું કદીપણ વિસ્મરણ ન કરો. ધનાદિના લોભને વશ થઇને વા કોઇ પણ પ્રકારના ભયને વશ થઇને યથાર્થ ભાષણ કરવાનું કદીપણ વિસ્મરણ કરવું યોગ્ય નથી. હૃદયાદિની યોગ્યતા વધારનારા સ્વધર્મના પરિપાલનનું કદીપણ વિસ્મરણ કરવું યોગ્ય નથી. તનમનની સ્વસ્થતાનાં સાધનોનું અનુષ્ઠાન કરણામાં કદીપણ પ્રમાદ કરવો યોગ્ય નથી. પરોપકારવડે ચિત્તશુદ્ધિ ને યશનો લાભ કરનાર બાહ્યવૈભવની પ્રાપ્તિ કરવામાં પ્રમાદ સેવવો યોગ્ય નથી. કૃતઘ્નતાદોષની નિવૃત્તિમાટે દેવોપ્રતિના તથા પિતૃઓપ્રતિના તમારા કર્તવ્યનું તમારે કદીપણ વિસ્મરણ ન કરવું. તમારાં માતુશ્રી જેમણે તમારું બચપણમાં રક્ષણ કરી તમને તમારા અધિકારપ્રમાણે તમારું આ લોક પરલોકમાં હિત થાય એવો ઉપદેશ કર્યો છે, તે તમારા પ્રથમ આચાર્યરૂપ તમારાં માતુશ્રીને તમે દેવના જેવાં ગણી માન આપો, ને તેમની વિનયવડે સેવા કરો. તમારા પિતાશ્રી જેમણે તમારું રક્ષણ કરવામાં તમારાં માતુશ્રીને સાહાય્ય આપ્યું છે, તથા તમારું આ લોકમાં તથા પરલોકમાં હિત થાય એવો તમને ઉપદેશ કર્યો છે એવા બીજા આચાર્યરૂપ તમારા પિતાશ્રીને તમે દેવના જેવા ગણી માન આપો, ને તેમની વિનયવડે સેવા કરો. શાસ્ત્રોક્ત કર્મનો, ઉપાસનાનો ને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનારા શ્રોત્રિય, બ્રહ્મ-

નિષ્ઠ ને પરમકારુણિક આચાર્ય જે તમારા ત્રીજા આચાર્યરૂપ છે તેમને તમે પરમાત્મરૂપ ગણી માન આપો, ને શ્રદ્ધાભક્તિથી તેમની સેવા કરો. તમારું ઘર પૂછી તમારે ઘેર આવેલા અતિથિને વિષ્ણુરૂપ ગણી તેનો અન્નાદિથી સત્કાર કરો. જે અનિંદિત શુભકર્મો ગણાય છે તેનુંજ તમે સેવન કરો, નિંદિત અશુભ કર્મનું ભૂલથી પણ તમે સેવન ન કરો. અમારાં (ઉપદેશ કરનાર આચાર્યનાં) જે શુભ કર્મો છે તેનુંજ તમારે અનુષ્ઠાન કરવું, પણ તેનાથી વિપરીત કર્મો જે ઈશ્વરના સંકેતથી, વા અન્ય પ્રાણીના ઉદય પામેલા પ્રારબ્ધથી, વા અમારા ઉદય પામેલા પ્રારબ્ધની ઉપભોગવડે નિવૃત્તિ કરવાના અમારા અભિપ્રાયથી થયાં હોય તેનું તમારે કદીપણ અનુષ્ઠાન ન કરવું; અર્થાત્ અમારાં વચનનેજ તમારે પ્રમાણ માનવું, ને અમારું આચરણ જે અમારા વચનથી અવિરુદ્ધ હોય તેને પણ તમારે પ્રમાણ માનવું, અન્યને નહિ. સુપાત્રને તથા અસમર્થને શ્રદ્ધાવડે પોતાનું કર્તવ્ય સમજીને દાન કરવું. અન્યનાં અયોગ્ય આચરણ જોઇ તેમને આપવામાં રુચિ ન પ્રકટે તોપણ તેમના પ્રાણધારણમાટે તેમને તમારે તમારી શક્તિપ્રમાણે અન્ન આપવું. તમારે પોતાના વૈભવપ્રમાણે સુપાત્રને યથાયોગ્ય દાન આપવું. લોકલજ્જાનો વિચાર કરીને–લોકો લોભી કહે તે યોગ્ય નહી એમ સમજીને–તમારે સુપાત્રને દાન દેવું. ધર્મમાં દ્રવ્ય નહિ વપરાય તો અગ્નિ, રાજા, ચોર કે દુર્જનોદ્વારા તે દ્રવ્યને અડચણ પહોંચશે એવા ભયથી પણ તમારે સુપાત્રને દાન દેવું. પાત્રની યોગ્યતાનો વિચાર કરી તેને વિવેકપૂર્વક યોગ્ય દાન આપવું.

કેવો સુંદર ઉપદેશ ! કેવો સુંદર આદેશ ! ! જો આ ઉપદેશપ્રમાણેજ સર્વ મનુષ્યો વર્તન કરે તો આ જગત્ જે બહુધા ક્લેશ-

થી ભરેલું પ્રતીત થાય છે તે સર્વ મનુષ્યોને બ્રહ્મલોકના જેવું સુખમય પ્રતીત થાય.

તમારા અંતઃકરણની યોગ્યતાપ્રમાણે તમને પૃથિવીપરના જે અન્યનું અહિત ન કરનારા ધર્મમાં રુચિ પ્રકટે તે ધર્મનું તમે શુદ્ધભાવથી પરિપાલન કરો, ને અન્ય ધર્મનું પરિપાલન કરનારની તમે ભૂલથી પણ નિંદા ન કરો તમે પરમાર્થના સાધનમાં જ્યાં હો ત્યાંથી આગળ વધો, તમારી ઇંદ્રિયો ને અંતઃકરણને તમે વશ કરો, ને બ્રહ્મનો સાક્ષાત્કાર કરી તમે કૃતાર્થ થાઓ. કાઠકશ્રુતિ મનુષ્યને કૃતાર્થ થવામાટે નીચે પ્રમાણે પ્રયત્ન કરવાનું કહે છેઃ—

" आत्मानं रथिनं विद्धि, शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि, मनः प्रग्रहमेव च ॥
इंद्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान् ॥
यस्त्वविज्ञानवान् भवत्ययुक्तेन मनसा सदा ।
तस्येंद्रियाण्यवश्यानि, दुष्टाश्वा इव सारथेः ॥
यस्तु विज्ञानवान् भवति, युक्तेन मनसा सदा ।
तस्येंद्रियाणि वश्यानि, सदश्वा इव सारथेः ॥
यस्त्वविज्ञानवान् भवत्यमनस्कः सदाशुचिः ।
न स तत्पदमाप्नोति, संसारं चाधिगच्छति ॥
यस्तु विज्ञानवान् भवति, समनस्कः सदा शुचिः ।
स तु तत्पदमाप्नोति, यस्माद्भूयो न जायते ॥
विज्ञानसारथिर्यस्तु, मनः प्रग्रहवान्नरः ।
सोऽध्वनः पारमाप्नोति, तद्विष्णोः परमं पदम् ॥ "

ભાવાર્થ:—આત્માને શરીરરૂપ રથનો સ્વામી જાણ, શરીરને રથજ જાણ, બુદ્ધિને સારથિ જાણ, ને મનને રાશજ જાણ. વિદ્વાનો ઇંદ્રિયોને ઘોડાઓ કહે છે, અને વિષયોને તેઓના માર્ગો કહે છે. જે સર્વદા બુદ્ધિરૂપ સારથિવિનાનો હોય છે, ને સર્વદા નહિ વશ રાખેલા મનવાળો હોય છે, તેની ઇંદ્રિયો વશ વર્તતી નથી, જેમ દુષ્ટ ઘોડાઓ અસમર્થ સારથિને વશ ન વર્તે તેમ. જે સર્વદા બુદ્ધિરૂપ સારથિવાળો હોય છે, ને સર્વદા વશ રાખેલા મનવાળો હોય છે, તેની ઇંદ્રિયો વશ વર્તે છે, જેમ સારા ઘોડાઓ સમર્થ સારથિને વશ વર્તે છે તેમ. જે બુદ્ધિવિનાનો હોય છે, મનના નિગ્રહવિનાનો હોય છે, ને સર્વદા અપવિત્ર રહેનારો હોય છે, તે પુનરાવૃત્તિરહિત પરમપદને પામતો નથી, પણ સંસારને પામે છે. જે બુદ્ધિવાળો હોય છે, મનના નિગ્રહવાળો હોય છે, ને સર્વદા પવિત્ર રહેનારો હોય છે, તે તો તે પરમપદને પામે છે, કે જ્યાંથી તે પુનઃ જન્મ પામી સંસારમાં જોડાતો નથી. જે મનુષ્ય બુદ્ધિરૂપ સારથિવાળો છે, ને મનોરૂપ અશ્વરજ્જુવાળો છે, તે આ સંસારરૂપ માર્ગના પારને પામે છે. તે પરમાત્માનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે.

કેટલાક મનુષ્યો પોતાનાં સગાંવહાલાંપર પ્રેમ રાખવાનો ઉપદેશ કરે છે, કેટલાક મનુષ્યો પોતાની જ્ઞાતિના મનુષ્યોપર પ્રેમ રાખવાનો ઉપદેશ કરે છે, કેટલાક મનુષ્યો પોતાના ગામમાં રહેનારા વા પોતાના દેશમાં રહેનારા મનુષ્યોપર પ્રેમ રાખવાનો ઉપદેશ કરે છે, કેટલાક મનુષ્યો પોતાના જેવો ધર્મ પાળનારાઓપર પ્રેમ રાખવાનો ઉપદેશ કરે છે, ને કેટલાક મનુષ્યો પૃથિવીપરના સર્વ મનુષ્યોપર પ્રેમ રાખવાનો ઉપદેશ કરે છે, પણ સનાતનધર્મ તો સર્વ પ્રાણીઓપર નિઃસ્વાર્થબુદ્ધિથી વિશેષ પ્રેમ રાખવાનો ઉપદેશ

કરે છે, અર્થાત્ તમે તમારા ઉપર જેવો પ્રેમ રાખો છો તેવોજ પ્રેમ સર્વ પ્રાણીઓપર, તમને શત્રુ માનતા હોય તેમના ઉપર પણ, તમે રાખો, એમ સનાતનધર્મ સર્વ મનુષ્યોને ઉપદેશ કરે છે.

સનાતનધર્મ સર્વ મનુષ્યોને પોકારીને કહે છે કેઃ—"પરમાત્માનાં અનેક નામોમાંથી તમને તેમનું જે નામ પરમ પ્રિય લાગે તે નામ તમે લ્યો, ને તેમના સ્વરૂપને ઓળખવા તમને તેમનો જે આકાર કે જે શુભ ગુણો પ્રિય લાગતા હોય તે આકાર કે શુભગુણોનો તમે તેમનામાં આરોપ કરો, અને નામ ને આકારાદિની ભિન્નતાને લીધે ઉપજતા નકામા કલેશો ત્યજો. મનુષ્યોના અંતઃકરણની યોગ્યતાના ભેદથી સર્વને એક નામ કે એક આકાર રુચે નહિ, માટે ગમે તે યોગ્ય નામ ને યોગ્ય આકારને ગ્રહણ કરી તમે*પ્રાપ્ત કરવાયોગ્ય પરમાત્માને પ્રાપ્ત કરો. શુદ્ધભાવથી જો તમે સર્વદા પરમાત્માનું સ્મરણધ્યાન કરતા રહેશો તો તમારા હૃદયની શુદ્ધિ, એકાગ્રતા, સૂક્ષ્મતા ને શાંતિ વધતાં જશે, ને અંતે તમે પરમાત્માનો સાક્ષાત્કાર કરી કૃતાર્થ થશો."

સનાતનધર્મના ઉપદેશનું રહસ્ય વિચારીને જો પ્રત્યેક મનુષ્ય તે પ્રમાણે વર્તવા લાગે તો આ દુઃખમય પ્રતીત થતો જનસમૂહ ઘણો સુખમય પ્રતીત થાય એમાં કાંઇ પણ સંદેહ નથી.

સનાતનધર્મના અતિવિશાલ સિદ્ધાંતપ્રમાણે જો વિશ્વનું અવલોકન કરવામાં આવે તો આપણને તેમાંથી ઘણો ઘણો બોધ મળી શકે એમ છે. તેની દિશા બતાવવામાટે સનાતનધર્મપ્રમાણે સંસ્કૃતલિપિના મૂલાક્ષરોનું વિવેકી મનુષ્યે કેવી રીતે અવલોકન કરવું જોઇએ તે નીચે દર્શાવવામાં આવે છેઃ—

આ દૃશ્ય જગતનું મૂલ અવિનાશી તત્ત્વ છે એવો મૂલાક્ષરોનો અર્થ છે. ૐ માં अ, उ ને म એ ત્રણનું ટુંકું રૂપ આવે છે. अवडे સ્થૂલ જગત્, उवडे સૂક્ષ્મ જગત્, ને मवडे એ બંનેનું બીજ સમજવું. ઁ વડે ઈશ્વર જે આ જગત્નું ઉપાદાનકારણ તથા નિમિત્તકારણ છે તેમનો બોધ થાય છે. તેમાં ઁ આ માયાનું ને ઁ આ ચેતનનું સ્વરૂપ હોવાથી ઈશ્વરમાં માયા ને ચેતન એવાં બે તત્ત્વ છે એમ સમજવાનું છે. સર્વ મૂલાક્ષરોમાં પ્રથમ પરમાત્મબીજ ૐ મૂકી તેવડે જગત્ના સ્વરૂપનો તથા જગત્ના કારણ ઈશ્વરના સ્વરૂપનો બોધ કર્યો છે એમ જાણવું.

મૂલાક્ષરો સ્વર ને વ્યંજન એવા બે ભાગમાં વહેંચાયેલા છે. સ્વરવડે સ્વતઃસિદ્ધ ચેતનનો ને વ્યંજનવડે પરતઃસિદ્ધ—ચેતનવડે સિદ્ધ થનાર—માયા ને માયાનાં કાર્યોનો બોધ થાય છે. સ્વરોનું વ્યંજનના સાહાય્યવિના પોતાના સામર્થ્યથી ઉચ્ચારણ કરી શકાય છે, ને વ્યંજનોનું સ્વરના સાહાય્યવિના પોતાના સામર્થ્યથી ઉચ્ચારણ થઈ શકતું નથી એ વાત વિવેકીઓને અજ્ઞાત નથી. ઉપર કહેલી રીતે સ્વરવડે નિરપેક્ષ સત્ય ચેતનનો ને વ્યંજનોવડે આપેક્ષિક સત્ય માયા ને માયાનાં કાર્યોનો બોધ થાય છે એમ જાણવું.

સંસ્કૃતલિપિમાં अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः એ સોળ સ્વરો છે. તેમાં अ, इ, उ, ऋ ऌ એ પાંચ હ્રસ્વ સ્વરો છે, ને બાકીના અગીઆર સ્વરો દીર્ઘસ્વરો વા સંયુક્તસ્વરો કહેવાય છે. क થી ळ સુધી ચોત્રીશ વ્યંજનો છે. બેઠા વ્યંજનોમાં સ્વરો મળી બારાખડી થાય છે. સર્વ પદાર્થોનો બોધ નામવડે—શબ્દવડે—થાય છે. નામમાં અક્ષર કે અક્ષરો હોય છે. તે અક્ષર કે અક્ષરો સ્વરરૂપ કે સ્વરસહિત વ્યંજનો રૂપ કે વ્યંજનોસહિત

સ્વરૂપ હોય છે. આવી રીતે સર્વ જગતનો અક્ષરથી અભેદ સિદ્ધ થાય છે, ને અક્ષરનો બ્રહ્મથી અભેદ હોવાથી સર્વ જગત્ વસ્તુતાએ એક બ્રહ્મરૂપજ છે. સર્વત્ર એક બ્રહ્મજ રહેલું છે એમ જો નિશ્ચય કરવામાં આવે તો તેવા નિશ્ચયવાળાને આ જગતમાંના કોઇ પણ પ્રાણિપદાર્થમાં આરૂઢ રાગદ્વેષ થવાનો સંભવ નથી. તેનું અંતઃકરણ સર્વદા સર્વત્ર સમભાવવાળું રહે છે. આવા સમદર્શીમાં દેહાભિમાન હોતું નથી, તેને દૃશ્ય પ્રાણિપદાર્થમાં સત્યતાનો નિશ્ચય હોતો નથી, ને તેને કોઇ પણ પ્રાણિપદાર્થમાં આરૂઢ રાગ કે આરૂઢ દ્વેષ પણ હોતો નથી. બ્રહ્માકાર થયેલું જે અતિવિશાલ હૃદય સર્વ જગત્‌ને પોતાના સ્વરૂપના એક દેશમાં આવી ગયેલું માને છે તે હૃદયને આ જગત્‌નો કોઇ પણ વિષય આકર્ષણ કરવા સમર્થ થતો નથી. નીચેનું એક કવિનું વચન પણ એમજ કહે છે:—

" ब्रह्मांडमंडलिमात्रं, किं भोगाय मनस्विनः ।
शफरीस्फूर्तेनोब्धौ, क्षुब्धता जातु जायते ॥१॥ "

ભાવાર્થ:—આ ચૌદ ભુવનનું નાનું કુંડાળું શું જ્ઞાનીને ભોગ-માટે પોતાના ભણી આકર્ષણ કરી શકે છે ? કદીપણ નહિ. જેમ સમુદ્રના કાંઠાપર રહેલી શફરીનામની નાની માછલીના કુદવાથી મહાસાગરમાં કદીપણ ખળભળાટ થતો નથી તેમ.

સનાતનધર્મ પૃથિવીપરનાં સર્વ સ્ત્રીપુરુષોને નિષ્પક્ષપાતપણે સ્પષ્ટ શબ્દોમાં પોકારીને કહે છે કે:—" હે સજ્જનો ! હે સુમતિ-વાળીઓ ! તમે તમારા પૂર્વજન્મના સંસ્કારોવડે જે દેશમાં, જે કાલમાં, જે સ્થિતિમાં, જે સમૂહમાં, ને જે ધર્મમાં હો ત્યાં તમને તમારા બુદ્ધિબલાનુસાર જે અસત્ય પ્રતીત થાય તેનો ત્યાગ કરતાં રહો, ને

તમને જે સત્ય પ્રતીત થાય તેમાં આદર રાખી તેનો સ્વીકાર કરતાં રહો, તમારે આજીવિકા ચલાવવામાટે પૃથિવીપરના અનેક ઉદ્યમો-માંનો જે ઉદ્યમ કરવો પડતો હોય તે ઉદ્યમ તમારી બુદ્ધિ પહોંચે તેટલો નિર્દોષ કરો, લોભ, ભય કે માનની તૃષ્ણાને વશ થઇ તમે તમારા તે ઉદ્યમને દોષવાળો કરી તમારા અંતઃકરણની મલિનતા વધારશો નહિ. આરંભમાં આ પ્રમાણે વર્તવામાં બહુધા તમને શ્રમ વા કલેશની પ્રતીતિ થશે, પણ જ્યારે તમને તેવો સ્વભાવ પડી જશે ત્યારે તમને તેમ વર્તવામાં શ્રમ વા કલેશની પ્રતીતિ નહિ થાય, પણ ઉત્સાહ ને આનંદનું ભાન થશે. તમે જે ધર્મમાં હો તે ધર્મમાં જે કર્મો તમારા અંતઃકરણની શુદ્ધિમાટે તથા તમારા અંતઃકરણની એકાગ્રતામાટે કરવા કહ્યાં હોય તે કર્મો નિરભિમાનપણે આદરપૂર્વક કરતાં રહો. એ કર્મવડે તમારા અંતઃકરણની શુદ્ધિ તથા એકાગ્રતા વધતાં જાય છે કે નહિ ! ને વધતાં જાય છે તો તે કેટલા પ્રમાણ-માં વધતાં જાય છે ! તે જોતાં રહો. જો તે કર્મોવડે તમારા અંતઃકરણની શુદ્ધિ તથા એકાગ્રતા ન વધતાં હોય તો કયા કારણથી તમારા અંતઃકરણની શુદ્ધિ તથા એકાગ્રતા વધતાં નથી તે નક્કી કરો. જે દુષ્ટ વિચાર તથા જે દુષ્ટ ક્રિયા તમારા શાસ્ત્રોક્ત કર્મોને ફલદાતા થવામાં પ્રતિબંધ કરતાં જણાય તે દુષ્ટ વિચાર તથા તે દુષ્ટ ક્રિયાને તમે તજો. આવી રીતે તમારો નિર્દોષ ઉદ્યોગ કેટલોક સમય ચાલ્યા કરશે તો તમારું અંતઃકરણ શુદ્ધ તથા એકાગ્ર થશે. જ્યારે તમારું અંતઃકરણ શુદ્ધ તથા એકાગ્ર થશે ત્યારે તમે તમારો ધર્મ જે સ્થલે સનાતનધર્મની સાથે મળે છે તે સ્થલે આવી પહોંચશો. આ વાતનું તમને જ્ઞાન થાય વા ન થાય તેની અડચણ નથી, પણ તમે યોગ્ય સ્થલે આવી પહોંચ્યાં છો, ને સુ-

રક્ષિત છો, એમ નક્કી જાણજો. હવે તે સ્થલે વધારે વધારે સ્થિતિ કરી તમે પરમસત્યને જાણવાનો આદરપૂર્વક વિશેષ પ્રયત્ન કરતાં રહો. આવો નિર્દોષ પ્રયત્ન તમે સતત ચલાવતાં રહેશો તો પરિણામે તમને પરમસત્યનું સ્પષ્ટ ભાન થશે, ને પૃથિવીપરના ભિન્ન ભિન્ન ધર્મોની યોગ્યતા તથા તેઓ કયે સ્થલે સનાતનધર્મને આવી મળે છે તેનાં સ્થલો તમને સમજાશે, અને કયો ધર્મ સનાતનધર્મની વિશેષ સમીપમાં તથા થોડે યત્ને સનાતનર્મધને પ્રાપ્ત કરાવનારો છે, તથા કયા કયા ધર્મો સનાતનધર્મથી વિશેષ વિશેષ દૂર તથા અતિ, અતિતર કે અતિતમ પ્રયત્ને સનાતનધર્મને પ્રાપ્ત કરાવનારા છે તેનું તમને સંદેહરહિત ભાન થશે. હે વિવેકવાળા પુરુષો ! હે વિવેકવતી સ્ત્રીઓ ! તમે તમારા હૃદયને વિશેષ જાગ્રત્ કરો, ને તેને પરમસત્યને પામવાના પ્રયત્નમાં બની શકે તેટલું અતિવેગ-વાળું કરો. જો પરમસત્યને પ્રાપ્ત કરવામાટે સુદૃઢ પ્રયત્ન કરવાનો તમારો દૃઢ નિશ્ચય થશે તો ભક્તવત્સલ પ્રભુ તમને અવશ્ય સાહાય્ય કરશે, ને તમે તમારા ઇચ્છિતને મેળવી નિરવધિ સુખી થશો.

નીચે જણાવેલાં જ્ઞાનનાં વીશ સાધનો તથા છવીશ પ્રકારની દૈવીસંપત્તિ પ્રાપ્ત કરવાથી મનુષ્ય સનાતનધર્મમાં ઊતાવળે આગળ વધી શકે છેઃ—

" अमानित्वमदंभित्वमहिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनं शौचं, स्थैर्यमात्मविनिग्रहः ॥७॥
इंद्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ८ ॥
असक्तिरनभिष्वंगः, पुत्रदारगृहादिषु ।

नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥९॥

मयि चानन्ययोगेन, भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥१०॥

अध्यात्मज्ञाननित्यत्वं, तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥११॥ ”

ભાવાર્થ:—પરમાત્મા કહે છે:—પોતાનામાં વિદ્યમાન તથા અવિદ્યમાન ગુણોની સ્તુતિ ન કરવી; ૧. દ્રવ્યાદિના લાભ, પૂજા ને કીર્તિમાટે લોકોની આગળ પોતાના ધર્મને પ્રકટ ન કરવો; ૨. શરીર, મન ને વાણીથી પ્રાણીઓને પીડા ન કરવી; ૩. દુષ્ટ પુરુષોના અપરાધને ચિત્તમાં ક્રોધાદિ વિકાર ઉપજાવ્યા વિના સહન કરવા; ૪. અંતર તથા બહારનો એક આચાર; ૫. બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનાર શ્રીસદ્‌ગુરુનું શ્રદ્ધાભક્તિપૂર્વક પૂજનનમસ્કારાદિથી સેવન; ૬. શરીરને તથા મનને શુદ્ધ રાખવું; ૭. મોક્ષનાં સાધનોમાં પ્રવૃત્ત થયા પછી અનેક પ્રકારનાં વિઘ્નો આવ્યા છતાં પણ તે ઉદ્યમનો પરિત્યાગ નહિ કરતાં પુનઃ પુનઃ તે પ્રયત્નનું અધિકપણું રાખવું; ૮. શરીર તથા ઇંદ્રિયોને કુમાર્ગે નહિ જવા દેતાં મોક્ષનાં સાધનોમાં જોડી રાખવાં. ૯ ७. ઇંદ્રિયોના દિવ્ય અને અદિવ્ય વિષયોમાં વૈરાગ્ય; ૧૦. હું સર્વથી શ્રેષ્ઠ છું એવી રીતના અહંકારથી રહિતપણું; ૧૧. ને વૈરાગ્યની પ્રાપ્તિમાટે જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા ને રોગમાં રહેલાં દુઃખો અને દોષો એમને વારંવાર જોવાં; ૧૨. ૮. પુત્ર, સ્ત્રી ને ઘર આદિમાં આ પદાર્થો મારા છે એવા અભિમાનપૂર્વક પ્રીતિ ન રાખવી. ૧૩. સ્ત્રીપુત્રાદિમાં અભેદભાવનાવાળી સુદૃઢ પ્રીતિ ન કરવી; ૧૪.

અને પ્રિય તથા અપ્રિય પદાર્થોની પ્રાપ્તિમાં હર્ષ તથા શોક ન કરવો; ૧૫. ૯. પરમાત્માથી શ્રેષ્ઠ બીજું કોઇ નથી તેથી, તેજ અમારી ગતિ છે, એવા નિશ્ચયવડે કોઇ પણ પ્રતિકૂલ કારણથી દૂર ન થઈ શકે એવી મારામાં (પરમાત્મામાં) ભક્તિ; ૧૬. વિષયી પુરુષોના વા સ્ત્રીઓના આવાગમનવિનાનું, પવિત્ર, ઉપદ્રવરહિત ને મનને પ્રસન્ન કરનાર સ્થાનનું સેવન કરવાનો સ્વભાવ; ૧૭. આત્મજ્ઞાનથી વિમુખ તથા વિષયભોગના લંપટપણાની વાતો કરનારા વિષયી જનોની સભામાં અપ્રીતિ; ૧૮. ૧૦. આત્મા તથા અનાત્માના જ્ઞાનમાં અસંત નિષ્ઠા રાખવી; ૧૯. ને આત્માના સાક્ષાત્કારના મોક્ષરૂપ પ્રયોજનને પુનઃ પુનઃ વિચાર કરીને જોવું. ૨૦. આ વીશ સાધનો આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં હેતુ હોવાથી જ્ઞાન એ નામથી કહેવાય છે, અને એ અમાનીપણા આદિક સાધનોથી વિપરીત જે માનીપણા આદિક વીશ છે, તે આત્મજ્ઞાનનાં વિરોધી હોવાથી અજ્ઞાન એવા નામથી કહેવાય છે. ૧૧.

" अभयं सत्त्वसंशुद्धिर्, ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च, स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥
अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम् ।
दया भूतेष्वलोलुत्वं, मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥ "

ભાવાર્થઃ—શ્રીસદ્‌ગુરુએ ઉપદેશ કરેલા વિષયના અનુષ્ઠાનમાં ભયરહિતપણું, ૧. કપટ આદિ વ્યાવહારિક અશુદ્ધિનો પરિત્યાગ, ૨. અધ્યાત્મશાસ્ત્રોથી આત્માના સ્વરૂપનો નિશ્ચય કરવામાટે તથા

ચિત્તની એકાગ્રતા કરી તે સ્વરૂપને અનુભવમાં લાવવામાટે સર્વ સમયમાં તત્પરતા, ૩. શ્રદ્ધાભક્તિપૂર્વક સત્પાત્રને યથાશક્તિ અન્ન-વસ્ત્રાદિ અર્પવાં, ૪. શ્રોત્ર આદિ ઈંદ્રિયોને તેમના નિષિદ્ધ વિષયોથી રોકવી, ૫. શ્રુતિ ને સ્મૃતિમાં કહેલા યજ્ઞ કરવા, ૬. વેદાદિનું અધ્યયન, ૭. શરીર, વાણી ને મનને રાજસીતામસી ક્રિયાઓમાંથી રોકવાં, ૮. કુટિલપણાનો પરિત્યાગ, ૯. ૧. શરીર, વાણી ને મનથી કોઇ પ્રાણીને દુઃખ ન દેવું, ૧૦. કોઇને પીડા નહિ કરનારું તથા યથાર્થ અર્થનો બોધ કરનારું વચન બોલવું, ૧૧. કડવાં વચનો સાંભળવાથી વા મારથી ઉપજેલા પરિતાપના વેગને રોકવો, ૧૨. કર્તાપણાના અભિમાનનો પરિત્યાગ, ૧૩. મનની એકાગ્રતા, ૧૪. કોઇની ચાડી ન કરવી, ૧૫. સર્વ પ્રાણીઓપર દયા રાખવી, ૧૬. વિષયોની સમીપતામાં ભોગ ભોગવવાનું સામર્થ્ય છતાં પણ ઇંદ્રિયોને વિકાર-રહિત રાખવી, ૧૭. ક્રૂરસ્વભાવથી રહિતપણું, ૧૮. નઠારું કામ કરવામાં લોકોનું ભય રાખવું, ૧૯. વાણી, હાથ ને પગ આદિ ઇંદ્રિયોને પ્રયોજનવિના ક્રિયારહિત રાખવી, ૨૦. ૨. હે અર્જુન ! સ્ત્રીબાલક આદિ મૂઢ જનોથી પરાભવ ન પામવો. ૨૧. સામર્થ્ય છતાં પણ અપકાર કરનાર પુરુષપર કદીપણ ક્રોધ ન કરવો, ૨૨. દેહ તથા ઇંદ્રિયને વ્યાકુલ થવાના પ્રસંગમાં તેમને વ્યાકુલ નહિ થવા દેવાનું સામર્થ્ય, ૨૩. શરીરની તથા મનની શુદ્ધિ, ૨૪. કોઇ પ્રાણીને મારવાની ઇચ્છાથી શસ્ત્ર નહિ ગ્રહણ કરવું, ૨૫. ને પોતાનામાં અત્યંત પૂજ્યપણાની ભાવનાથી રહિતપણું, ૨૬. આ છવીશ પ્રકારની સત્ત્વગુણવાળી સંપત્તિ ભવિષ્યમાં જેનું કલ્યાણ થવાનું હોય છે તે મનુષ્યમાં હોય છે. ૩.

નીચેની આસુરીસંપત્તિરૂપ અંતઃકરણને અશુદ્ધ કરનારી સામગ્રી ભજવાથી પણ મનુષ્ય સનાતનધર્મમાં પ્રવેશ કરવાને

યોગ્ય થાય છેઃ—

" दंभो दर्पोऽभिमानश्च, क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य, पार्थ संपदमासुरीम् ॥४॥ "

ભાવાર્થઃ—હે પાર્થ ! રજોગુણમય તથા તમોગુણમય આસુરી-સંપત્તિસહિત* જન્મેલાને દંભ એટલે ધર્મનો ખોટો ડોળ દેખાડવો, દર્પ એટલે ધન ને વિદ્યા આદિકના ગર્વથી શ્રેષ્ઠ પુરુષોનો તિરસ્કાર કરવો, અહંકાર, ક્રોધ એટલે પોતાના તથા પારકાના ભુંડામાં પ્રવૃત્તિ કરાવનાર ચિત્તનો પરિતાપ, પારુષ્ય એટલે સમીપમાં કોઇને અત્યંત કઠણ વચનો કહેવાં, તથા અવિવેક આ દોષોજ પ્રાપ્ત થાય છે. ૪.

" त्रिविधं नरकस्येदं, द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥२१॥ "

ભાવાર્થઃ—આ પુરુષને વ્યાઘ્ર આદિ અધમયોનિની પ્રાપ્તિ કરનારાં આ ત્રણ પ્રકારનાં નરકનાં સાધનો છે; કામ, ક્રોધ અને લોભ; તેટલામાટે પોતાનું હિત ઇચ્છનાર પુરુષે એ ત્રણે નરકનાં સાધનોને પોતાના ચિત્તમાંથી ત્યજવાં જોઇએ. ૨૧.

સનાતનધર્મના શુદ્ધ ભાવવાળા આશ્રયથી ને તદનુસાર વર્તન રાખવાથી મનુષ્યની બાહ્યસ્થિતિ સુધરે છે, શરીરસ્થિતિ સુધરે છે, ઇંદ્રિયોના નઠારા વેગો શાંત થાય છે, અને કામ ક્રોધ લોભ મોહ મદ મત્સર દંભ ભય ચિંતા ઇર્ષ્યા આળસ પ્રમાદ દીર્ઘસૂત્રતા સંશય ને અવ્યવસ્થા આદિ અંતઃકરણના દોષો ને એ સર્વનું કારણ અજ્ઞાન દૂર થાય છે. આવો મહાપુરુષ સ્થિતપ્રજ્ઞ, ભગવદ્ભક્ત ને ત્રિગુણાતીત આદિ નામોથી ઓળખાય છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો શ્રીભગવદ્ગીતામાં નીચે પ્રમાણે જણાવ્યાં છેઃ—

श्रीभगवानुवाच ॥

" प्रजहाति यदा कामान्, सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः, स्थितप्रज्ञस्तदोच्यते ॥५५॥"

ભાવાર્થ:—શ્રીભગવાન્ બોલ્યા:—હે પૃથાના પુત્ર અર્જુન ! જ્યારે બ્રહ્મમાં એકાગ્રબુદ્ધિવાળો તે પુરુષ પોતાના મનમાં રહેલી સર્વ વિષયતૃષ્ણાઓને અત્યંત ત્યજી દે છે, અને આત્માથી અભિન્ન બ્રહ્મમાંજ બ્રહ્માકાર થયેલી મનોવૃત્તિવડે સંતોષ પામે છે, ત્યારે બ્રહ્માકારવૃત્તિવાળો તે પુરુષ સ્થિતપ્રજ્ઞ એટલે બ્રહ્મમાં સ્થિરબુદ્ધિવાળો કહેવાય છે. ૫૫.

" दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरुच्यते ॥५६॥"

પ્રારબ્ધકર્મવશાત્ પ્રાપ્ત થયેલાં દુ:ખોની પ્રાપ્તિમાં શોકરહિત મનવાળો, પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થયેલાં વિષયજન્ય સુખોમાં હર્ષવિનાનો વા વિષયથી પ્રાપ્ત થતાં સુખોમાં તૃષ્ણાવિનાનો; અને વિષયોમાં પ્રીતિ, પ્રતિકૂલ પ્રાણિપદાર્થની પ્રાપ્તિ થતાં વા તેમની પ્રાપ્તિનો સંભવ જાણી થનારો મનનો ત્રાસ, ને અપકાર કરનારભણી વેર વાળવાની વૃત્તિ એ ત્રણ મનોદોષ જેના નાશ પામ્યા છે એવો મનનશીલ પુરુષ બ્રહ્મમાં સ્થિરબુદ્ધિવાળો કહેવાય છે. ૫૬.

" यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनंदति न द्वेष्टि, तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५७॥"

જે જ્ઞાની પુરુષ માયાના કાર્યરૂપ સર્વ જડ પદાર્થોમાં પ્રીતિરહિત છે, તથા પ્રારબ્ધકર્મથી પ્રિય વિષયને પામીને તેનાં અતિ વખાણ કરતો નથી, અને પ્રારબ્ધકર્મથી અપ્રિય વિષયને પામીને

તેનો દ્વેષ કરતો નથી, અર્થાત્ બન્નેની પ્રાપ્તિમાં ઉદાસીનજેવો રહે છે, તેની બુદ્ધિ બ્રહ્મમાં સ્થિર છે એમ જાણવું. ૫૭.

" यदा संहरते चायं, कूर्मोऽगानीव सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५८॥"

જેમ કાચબો પ્રતિકૂલ પ્રાણિપદાર્થના ભયથી પોતાનાં મસ્તક-પગાદિ અંગોને પોતાની ઢાલમાં વિનાયત્ને પાછાં ખેંચી લે છે, તેમ આ જ્ઞાની પુરુષ જ્યારે રાગદ્વેષાદિ દોષોના ભયથી પોતાની સર્વ ઇંદ્રિયોને તે ઇંદ્રિયોના વિષયોથી મોકળી કરી પુનઃ આત્મસ્વરૂપમાં પાછી વાળી લે છે, ત્યારે તેની બુદ્ધિ આત્માથી અભિન્ન બ્રહ્મમાં સ્થિર થઇ છે એમ જાણવું. ૫૮.

" विषया विनिवर्तन्ते, निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य, परं दृष्ट्वा निवर्तते ॥५९॥"

આહાર નહિ ગ્રહણ કરી શકવાથી શક્તિરહિત થયેલા અજ્ઞાની પુરુષોની ઇંદ્રિયો તેમના વિષયો પાસે આવ્યા છતાં પણ તેમને ભોગવી શકતી નથી, પણ તેમના મનમાંથી તે વિષયોપરની પ્રીતિ જતી નથી, પરંતુ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને તો આ જ્ઞાનીની વિષયોપરની પ્રીતિ પણ જતી રહે છે. ૫૯.

" यततो ह्यपि कौंतेय, पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि, हरन्ति प्रसभं मनः ॥६०॥"

હે કુંતીના પુત્ર અર્જુન ! વિષયોમાં અસત્યપણું, તુચ્છપણું ને બંધકપણું આદિ દોષો રહ્યા છે એવો વિચાર કરનારા વિવેકી મનુષ્યના મનને પણ તેના વિચાર તથા વિવેકાદિનો પરાજય કરનાર ઇંદ્રિયો બલાત્કારે પોતાના વિષયોભણી ખેંચી જાય છે. ૬૦.

" तानि सर्वाणि संयम्य, युक्त आसीत मत्परः ।
वशे हि यस्येंद्रियाणि, तस्य प्रज्ञा प्रतिष्ठिता॥६१॥"

મારો અનન્યભક્ત તે સર્વ ઇંદ્રિયોને સારી રીતે વશ રાખી મનને બ્રહ્મમાં સ્થિર કરીને બેસે. જેની ઇંદ્રિયો વશ વર્તે છે તેની બુદ્ધિ બ્રહ્મમાં સ્થિર થાય છે. ૬૧.

" ध्यायतो विषयान्पुंसः, संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः, कामात्क्रोधोऽभिजायते ॥६२॥
क्रोधाद्भवति संमोहः, संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो, बुद्धिनाशात्प्रणश्यति॥६३॥"

વિષયોમાં ઉપકારકપણાની સમજવડે તેમનું ચિંતન કરનારા મનુષ્યને તે વિષયોમાં પ્રીતિ ઉપજે છે, પ્રીતિ ઉપજવાથી તે વિષયો ભોગવવાની મનમાં આતુરતા પ્રકટે છે, તે આતુરતા પ્રકટી હોય તે વેલા તે ઇચ્છિત વિષયની પ્રાપ્તિમાં કોઈ અડચણ કરે તો તે અડચણ કરનારપર ક્રોધ ઉપજે છે, મનમાં ક્રોધ પ્રકટવાથી સારાનરસાનો વિવેક દૂર થાય છે,—અવિવેક ઉપજે છે, એવો અવિવેક ઉપજવાથી શ્રીસદ્ગુરુના ને સત્શાસ્ત્રના ઉપદેશની સ્મૃતિનો નાશ થાય છે, તે સ્મૃતિના નાશથી આત્માકારવૃત્તિરૂપ જ્ઞાનનો નાશ થાય છે, ને જ્ઞાનનો નાશ થવાથી પુરુષની જડજેવી સ્થિતિ થાય છે, અર્થાત્ કોઇ પણ પ્રકારનો યોગ્ય પુરુષાર્થ કરવાની યોગ્યતા તેનામાં રહેતી નથી. ૬૨–૬૩.

" रागद्वेषवियुक्तैस्तु, विषयानिंद्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा, प्रसादमधिगच्छति ॥६४॥"

જેણે પોતાના અંતઃકરણને અત્યંત નિયમમાં રાખ્યું છે એવો મનુષ્ય રાગદ્વેષરહિત તથા પોતાના અંતઃકરણને વશ વર્તતી ઇંદ્રિયોથી

પોતાના કે અન્યન પારબ્ધકર્મવડે પ્રાપ્ત થતા શાસ્ત્રવિહિત વિષયોને ભોગવતો છતો પણ અંતઃકરણની નિર્મલતાને પામે છે, પણ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થતો નથી. ૬૪.

" प्रसादे सर्वदुःखानां, हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु, बुद्धिः पर्यवतिष्ठते ॥६५॥"

અંતઃકરણની પવિત્રતાથી ઉપજેલા જ્ઞાનવડે સંશય, વિપર્યય ને અજ્ઞાનના નાશદ્વારા આ નિયમમાં રાખેલા અંતઃકરણવાળા પુરુષનાં સર્વ દુઃખોનો નાશ થાય છે, કેમકે પવિત્ર અંતઃકરણવાળાનું આત્મા ને બ્રહ્મના અભેદને જાણનારું તે અંતઃકરણ તુરતજ બ્રહ્મમાં સ્થિર થાય છે. ૬૫.

" नास्ति बुद्धिरयुक्तस्य, न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥६६॥"

જે મનુષ્યે પોતાના અંતઃકરણને વશ કર્યું નથી તે મનુષ્યને આત્માનો સંશયરહિત નિશ્ચય પ્રાપ્ત થતો નથી, અને અંતઃકરણ જેણે વશ કર્યું નથી તેને નિદિધ્યાસનરૂપ ભાવનાની પ્રાપ્તિ પણ થતી નથી, ભાવનાની પ્રાપ્તિવિનાના મનુષ્યને બ્રહ્મના અનુભવરૂપ શાંતિ પ્રાપ્ત થતી નથી, અને શાંતિવિનાના મનુષ્યને જીવન્મુક્તિના વિલક્ષણ સુખની પ્રાપ્તિ ક્યાંથી થાય ? ૬૬.

" इंद्रियाणां हि चरतां, यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां, वायुर्नावमिवांभसि ॥६७॥"

પોતપોતાના વિષયોમાં ભમતી ઇંદ્રિયોમાંની જે કોઈ એક ઇંદ્રિયની સાથે મન જોડાય છે તે એક ઇંદ્રિય પણ આ સાધક મનુષ્યની બુદ્ધિને જેમ સમુદ્રના પાણીમાં રહેલા વહાણને પ્રતિકૂલ વાયુ

સમુદ્રમાંના ટેકરાઓભણી ખેંચી જાય છે તેમ, અપકારક વિષયો-ભણી ખેંચી જાય છે, તો બધી ઇંદ્રિયો બહિર્મુખ મનના સાહાય્યથી તેની બુદ્ધિને વિષયોભણી ખેંચી જઈ તે મનુષ્યને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરે એમાં શું આશ્ચર્ય છે ? કાંઈ પણ નહિ. ૬૭.

" तस्माद्यस्य महाबाहो, निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६८॥"

તેથી હે મોટી ભુજાવાળા અર્જુન ! જે સાધકયોગીની સર્વે ઇંદ્રિયો પોતપોતાના વિષયોમાંથી રાગદ્વેષથી રહિત થયેલી છે તે સાધકયોગીની બુદ્ધિ સ્થિર થાય છે. ૬૮.

" या निशा सर्वभूतानां, तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि, सा निशा पश्यतो मुनेः॥६९॥"

જે બ્રહ્મ સર્વ અજ્ઞાની માણસોની રાત્રિરૂપ છે, તેમાં અંતઃકરણ તથા ઇંદ્રિયોને નિયમમાં રાખનારા યોગી જાગે છે, અને જે ભેદદર્શનરૂપ અજ્ઞાનમાં સર્વ અજ્ઞાની માણસો જાગે છે, તે ભેદદર્શન બ્રહ્મવેત્તા યોગીની રાત્રિ છે, અર્થાત્ બ્રહ્મદર્શી જગત્‌ને મિથ્યા જુએ છે, અને બ્રહ્મને સત્ય જુએ છે, અને અજ્ઞાનીઓ જગત્‌ને સત્ય માને છે, ને બ્રહ્મને જાણતા નથી. ૬૯.

" आपूर्यमाणमचलप्रतिष्ठं, समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे, स शान्तिमाप्नोति न
कामकामी ॥७०॥ "

જેમ સર્વભણીથી અનેક નદીઓવડે ભરાયેલા સમુદ્રમાં વૃષ્ટિનું જળ પૃથિવીપર પડી પ્રવેશ કરે છે, છતાં તે અહંકારને વશ થઈ મર્યાદાનો ત્યાગ કરતો નથી, તેમ જે બ્રહ્માનંદાનુભવી પુરુષમે

જગત્‌માં શ્રેષ્ઠ મનાતા અનેક વિષયો તેમના પ્રારબ્ધકર્મથી આવીને પ્રાપ્ત થાય, છતાં જે હર્ષોન્માદને વશ થતા નથી, તે સ્પૃહારહિત બ્રહ્મવેત્તા ચિત્તની ચંચલતાના અભાવરૂપ શાંતિને પામે છે, વિષયોની તૃષ્ણાવાળો પુરુષ એવી શાંતિને પ્રાપ્ત થતો નથી. ૭૦.

"विहाय कामान्यः सर्वान्, पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः, स शान्तिमधिगच्छति ॥७१॥"

જે મનુષ્ય સર્વ માયિક વસ્તુઓનો પરિત્યાગ કરીને શરીરાદિનું જીવન ટકાવવાનો પણ લોભ નહિ રાખીને, સર્વ વિષયોમાંથી મારાપણાની બુદ્ધિનો ત્યાગ કરીને, તથા દેહાદિ જડ વસ્તુઓમાંથી હુંપણાની બુદ્ધિનો ત્યાગ કરીને, અને સર્વ વિષયોની અધીનતાનો ત્યાગ કરી સ્વતંત્ર થઈને આ જગત્‌માં વિચરે છે તે અવિદ્યા ને તેનાં કાર્ય કામક્રોધાદિની નિવૃત્તિરૂપ શાંતિને પામે છે. ૭૧.

ભગવદ્‌ભક્તનાં લક્ષણો શ્રીભગવદ્‌ગીતામાં નીચે પ્રમાણે કહ્યાં છે:—

"अद्वेष्टा सर्वभूतानां, मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः, समदुःखसुखः क्षमी ॥१३॥
संतुष्टः सततं योगी, यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्, यो मे भक्तः स मे प्रियः॥१४॥"

ભાવાર્થ:—સ્થાવરજંગમ સર્વભૂતોને પોતાના આત્મરૂપે જોવાથી પ્રતિકૂલ વૃત્તિને અભાવે તે સર્વભૂતોનો દ્વેષ નહિ કરનારો, સર્વ પ્રાણીઓને પોતાના આત્મરૂપે જાણી તેમના પર સ્નેહ રાખનારો, દુઃખી પ્રાણીઓપર દયા કરનારો, આચારના તથા વિદ્યાના અભિમાનવિનાનો, દ્વેષ તથા રાગ નહિ હોવાથી જેને દુઃખ તથા

સુખ સમાન છે એવો, કોઈ અયોગ્ય વચન કહે તથા માર મારે તોપણ ક્રોધરૂપ વિકાર નહિ પામનારો. ૧૩.

અનુકૂલ અન્નવસ્ત્રાદિ પદાર્થોની પ્રાપ્તિમાં અથવા અપ્રાપ્તિમાં નિરંતર સંતોષ રાખનારો, નિરંતર બ્રહ્મમાં એકાગ્રચિત્તવાળો, પોતાના શરીર તથા ઇંદ્રિયોને નિરંતર નિયમમાં રાખનારો, જેના જ્ઞાનના નિશ્ચયને કુતર્ક કરનારાઓ ડગાવી શકવાને કેવલ અસમર્થ છે એવો, અને મારામાં (પરમાત્મામાં) અર્પણ કરેલાં મનબુદ્ધિવાળો તથા મને (પરમાત્માને) અભેદરૂપે સમજનારો જે તત્ત્વવેત્તા પુરુષ છે તે મારો પ્રિય છે. ૧૪.

“ यस्मान्नोद्विजते लोको, लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्, मुक्तो यः स च मे प्रियः ॥१५॥”

જેનાથી કોઇ પણ પ્રાણી સંતાપ પામતું નથી, તથા જે કોઇ પણ પ્રાણીથી સંતાપ પામતો નથી, અને જે પ્રિયવસ્તુના લાભવડે થતા આનંદથી, બીજાની શ્રેષ્ઠતાના અસહનપણાથી, અપ્રિયવસ્તુને જોવાથી ઉપજતા ત્રાસથી, ને વ્યાકુલતાથી રહિત છે, તે મનુષ્ય મારો (પરમાત્માનો) પ્રિય છે. ૧૫.

“ अनपेक्षः शुचिर्दक्ष, उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी, यो मद्भक्तः स मे प्रियः ॥१६॥”

ભોગનાં સાધનોમાં તૃષ્ણાવિનાનો, જલ ને માટીથી શરીરને શુદ્ધ રાખનાર તથા શુભભાવનાવડે અંતઃકરણને શુદ્ધ રાખનાર, અવશ્ય જાણવાયોગ્ય તથા અવશ્ય કરવાયોગ્ય પ્રસંગની પ્રાપ્તિ થયે તે તે પ્રસંગને જાણવામાં તથા કરવામાં સમર્થ, મિત્રાદિકોનો પક્ષ નહિ ગ્રહણ કરનાર, પીડારહિત ને સર્વ લૌકિકવૈદિક સકામ કર્મોનો

પરિત્યાગ કરનારો એવો જે મારો ભક્ત હોય તે મને (પરમાત્માને) પ્રિય છે. ૧૬.

" यो न हृष्यति न द्वेष्टि, न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी, भक्तिमान्यः स मे प्रियः ॥१७॥"

પ્રિય પદાર્થની પ્રાપ્તિ થયે જે હર્ષ કરતો નથી, અપ્રિય પદાર્થ આવી મળવાથી જે દ્વેષ કરતો નથી, પ્રિય પ્રાપ્તવસ્તુનો વિયોગ થવાથી જે શોક કરતો નથી, પ્રિયવસ્તુના સંયોગની અને અપ્રિયવસ્તુના વિયોગની જે ઇચ્છા કરતો નથી, તથા શુભ ને અશુભ કર્મોના આગ્રહનો જેણે પરિત્યાગ કર્યો છે એવો ભક્તિવાળો આત્મવેત્તા પુરુષ મને (પરમાત્માને) પ્રિય છે. ૧૭.

" समः शत्रौ च मित्रे च, तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु, समः संगविवर्जितः ॥१८॥
तुल्यनिंदास्तुतिर्मौनी, संतुष्टो येनकेनचित् ।
अनिकेतः स्थिरमतिर्, भक्तिमान्मे प्रियो नरः ॥१९॥"

અપકાર કરનાર શત્રુમાં તથા ઉપકાર કરનાર મિત્રમાં જે સમદૃષ્ટિવાળો છે, સજ્જનોએ કરેલા પૂજનમાં અને દુષ્ટપુરુષોએ કરેલા તિરસ્કારમાં જેની સમદૃષ્ટિ હોવાથી જે હર્ષશોકરૂપ વિકારને પામતો નથી, પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થયેલાં ટાઢતડકામાં તથા સુખદુઃખાદિમાં જે સમદૃષ્ટિવાળો છે, અને જડચેતન સર્વપદાર્થમાં રમણીયપણાની ભ્રાંતિથી જે રહિત છે, ૧૮. જેને પોતાની નિંદા અને સ્તુતિ સરખાં લાગે છે, જે વાણીના નિગ્રહરૂપ મૌનવાળો છે, પોતાના પ્રારબ્ધકર્મવડે જે કાંઇ અન્નવસ્ત્રાદિ મળે તેમાં જે સંતોષી રહે છે, જે ઘરવિનાનો છે, એટલે જે મમતાસહિત એક સ્થાનમાં રહેતો

નથી, અને જે સ્થિરબુદ્ધિવાળો છે, તે ભક્તિમાન્ પુરુષ મને (પરમાત્માને) પ્રિય છે. ૧૯.

ગુણાતીતનાં લક્ષણો શ્રીભગવદ્ગીતામાં નીચે પ્રમાણે કહ્યાં છે:—

श्रीभगवानुवाच ॥

" प्रकाशं च प्रवृत्तिं च, मोहमेव च पांडव ।
न द्वेष्टि संप्रवृत्तानि, न निवृत्तानि कांक्षति ॥२२॥"

ભાવાર્થ:—શ્રીભગવાન્ બોલ્યા:—હે પાંડવ ! સત્ત્વગુણના કાર્યરૂપ પ્રકાશ, રજોગુણના કાર્યરૂપ પ્રવૃત્તિ, અને તમોગુણના કાર્યરૂપ મોહ છે. એ ત્રણમાંના રજોગુણના તથા તમોગુણના કાર્યરૂપ વૃત્તિઓની સારી રીતે પ્રવૃત્તિ થયેલી હોય તો જે પુરુષ કોઇ પણ સમયે દુઃખબુદ્ધિવડે તેમનો દ્વેષ કરતો નથી; તેમજ સત્ત્વગુણના કાર્યરૂપ વૃત્તિઓની નિવૃત્તિ થયેલી હોય તો જે સુખબુદ્ધિવડે તેમની ઇચ્છા કરતો નથી, તે પુરુષ ગુણાતીત એટલે ગુણોને ઓળંગી ગયેલો કહેવાય છે. ૨૨.

" उदासीनवदासीनो, गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तंत इत्येव, योऽवतिष्ठति नेंगते ॥२३॥"

જે પુરુષ ઉદાસીનની પેઠે રાગદ્વેષથી રહિત થઇને પોતાના સચ્ચિદાનંદસ્વરૂપમાં રહ્યો છે, ને સુખદુઃખાદિરૂપે પરિણામ પામેલા તે સત્ત્વાદિ ગુણોથી પોતાના સ્વરૂપની સ્થિતિમાંથી ડગતો નથી; તથા જે દેહ, ઇંદ્રિયો અને વિષયાદિ આકારે પરિણામ પામેલા સત્ત્વાદિક ગુણજ પોતપોતામાં સાધકબાધકભાવથી, ગ્રાહ્યગ્રાહકભાવથી ને ઉપકાર્યઉપકારકભાવથી વર્તે છે, હું તો તેઓના સંબંધથી અત્યંતરહિત ને નિર્વિકારી છું, એવી રીતના નિશ્ચયથી પોતાના સ્વરૂપવિષેજ સ્થિત રહે છે, કોઈ પણ કાર્યની સિદ્ધિમાટે અભિમાનપૂર્વક વ્યાપારવાળો થતો નથી, તે પુરુષ ગુણાતીત કહેવાય છે. ૨૩.

" समदुःखसुखः स्वस्थः, समलोष्टाश्मकांचनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिंदात्मसंस्तुतिः ॥२४॥"

દુઃખ તથા સુખ જેને સમાન છે એવો, આત્મસ્વરૂપમાં સ્થિતિવાળો, માટીનું ઢેકું પથ્થર અને સોનું જેને સમાન જણાય છે એવો, પ્રિય અને અપ્રિય જેને સમાન છે એવો, ને પોતાની નિંદા ને સ્તુતિ જેને તુલ્ય પ્રતીત થાય છે એવો ધીરપુરુષ ગુણાતીત કહેવાય છે. ૨૪.

" मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारंभपरित्यागी, गुणातीतः स उच्यते ॥२५॥"

જે પુરુષ સત્કારથી હર્ષ પામતો નથી, ને તિરસ્કારથી શોક પામતો નથી, તથા જે પુરુષ અભિમાનપૂર્વક મિત્રનું ભલું ને શત્રુનું ભુંડું કરતો નથી, ને જેણે શરીરનિર્વાહમાં ઉપયોગી કર્મવિનાનાં સર્વ કર્મોનો પરિત્યાગ કર્યો છે, તે પુરુષ ગુણાતીત કહેવાય છે. ૨૫.

" मां च योऽव्यभिचारेण, भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान् , ब्रह्मभूयाय कल्पते ॥२६॥"

જે પુરુષ મને (પરમાત્માને) અનન્યભક્તિયોગવડે સેવે છે તે એ ત્રણ ગુણોને ઓળંગીજઇને બ્રહ્મ થવાને સમર્થ થાય છે. ૨૬.

આવા મહત્ફલની પ્રાપ્તિ કરાવનારા સનાતનધર્મનું પરિપાલન કરવાની સુબુદ્ધિ પૃથિવીપરના સર્વ મનુષ્યોને પરમાત્મા કૃપા કરીને આપો, અને આ પૃથિવીપર સર્વત્ર શુદ્ધાનંદવારિધિની રેલમછેલા થાઓ. તથાસ્તુ.

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્માકૃત પુસ્તકો.

શ્રીઉપનિષદો. (ઈશોપનિષદ્‌થી કૈવલ્યોપનિષદ્‌સુધીની બાર ઉપનિષદો તથા માંડૂક્યોપનિષદ્‌ઉપરની ભગવાન્ ગૌડપાદની કારિકા મૂલ તથા ગુજરાતી ટીકા અને ૧૦૬ ઉપનિષદોનો ગુજરાતીમાં સાર.) બીજી આવૃત્તિ. રૂ. ૫-૦-૦ વેદાંતદર્શન. પાકાપુંઠાનું. રૂ. ૩-૮-૦ વેદાંતદર્શન. કાચાપુંઠાનું. રૂ. ૩-૦-૦ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, પદચ્છેદ, અન્વય, પદાર્થ ને રહસ્યદીપિકાટીકાસહિત. ત્રીજી આવૃત્તિ. રૂ. ૨-૪-૦ પાતંજલયોગદર્શન, પદબોધિનીનામની સંસ્કૃતભાષાની તથા રહસ્યદીપિકાનામની ગુજરાતીભાષાની આધ્યાત્મિકી ટીકાસહિત. ત્રીજી આવૃત્તિ. રૂ. ૨-૪-૦ સાંખ્યદર્શન સટીક. રૂ. ૧-૪-૦

યોગકૌસ્તુભ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૧-૪-૦ પરમપદબોધિની. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૧૨-૦ સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર. રૂ. ૦-૦-૬ નાથસ્વરોદય. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ. બીજી આવૃત્તિ. ૦-૧-૦

મનુષ્યમિત્ર. બીજી આવૃત્તિ. રૂ. ૦-૪-૦ સ્વાભાવિકધર્મ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ સુબોધકલ્પલતા. બીજી આવૃત્તિ. રૂ. ૦-૯-૦ સદુપદેશદિવાકર પ્રથમ કિરણ. બીજી આવૃત્તિ. રૂ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર દ્વિતીય કિરણ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર તૃતીય કિરણ. રૂ. ૦-૧૨-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧ થી ૧૦. રૂ. ૦-૪-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧૧ થી ૨૫. બીજી આવૃત્તિ. રૂ. ૦-૮-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૨૬ થી ૩૫. રૂ ૦-૮-૦ અંતર્યામીના આદેશો. સોનેરી નામવાળા કપડાના પુંઠાના. રૂ. ૦-૧૦-૦ અંતર્યામીના આદેશો, રેશમી પુંઠાના. રૂ. ૦-૮-૦ યોગપ્રભાકર. બીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા સરલાટીકાસહિત. બીજી આવૃત્તિ. રૂ. ૦-૭-૬ પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ. બીજી આવૃત્તિ. રૂ. ૦-૩-૬ ગીતાદિપંચરત્ન સટીક. ભિન્ન ભિન્ન જાતનાં પુંઠાંવાળાં. રૂ. ૦-૯-૦, ૦-૭-૦, ૦-૬-૦ રાસપંચાધ્યાયી ભક્તિપક્ષની તથા જ્ઞાનપક્ષની વિસ્તૃત ટીકાસહિત. રૂ. ૦-૭-૦ પ્રણવપદ્ય. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૦ પ્રણવવિસ્તારપદ્ય. બીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૦ નાથકાવ્ય. રૂ. ૦-૫-૦ સદુપદેશમાલા, પ્રથમ ભાગ. રૂ. ૦-૩-૬. પત્રકલ્પમંજરી. રૂ. ૦-૩-૦ વિનોદમાલા-રૂ. ૦-૫-૦ દુરાચારગિરિવજ્ર રૂ. ૦-૨-૬

ઉપર લખેલાં સર્વે પુસ્તકો નીચે લખેલે સ્થળેથી રોકડા દ્રવ્યથી વા વેલ્યુપેએબલ બૂકપાકીટથી મળી શકશે:—

વ્યવસ્થાપક, આનંદાશ્રમ. બીલખા. કાઠિયાવાડ.

શ્રીસદુપદેશદિવાકર, તૃતીય કિરણઃ—એવા પત્રોનું ત્રીજું પુસ્તક. રૂ. ૦—૧૨—૦

શ્રીસુબોધકલ્પલતાઃ—આવૃત્તિ બીજી. નીતિ, કર્મ, ઉપાસના (ભક્તિ) ને જ્ઞાનનો બોધ તથા તેને સ્પષ્ટ કરનારાં દિવ્ય દૃષ્ટાંતો. ૮૬ પર્ણો. રૂ. ૦—૯—૦

મુમુક્ષુપ્રતિ શ્રીઅંતર્યામીના આદેશોઃ—પોતાના કર્તવ્યનો ને સ્વસ્વરૂપનો અનુપમ ઉપદેશ આપનાર. સોનેરી નામવાળું કપડાનું પુંઠું. રૂ. ૦—૧૦—૦ રેશમી પુંઠું. ૦—૮—૦

શ્રીમદ્ભગવદ્ગીતાઃ—આવૃત્તિ બીજી. વર્ણાનુક્રમથી આધ્યાત્મિક અર્થો ને સરલાટીકાસહિત. રેશમી પુંઠું. રૂ. ૦—૭—૬

શ્રીઉપદેશગ્રંથાવલિ, અંક ૧ થી ૧૦:—લઘુબોધમાલા ને સંધ્યારહસ્યાદિ ૧૦ અંકો. રૂ. ૦—૪—૦

શ્રીઉપદેશગ્રંથાવલિ, અંક ૧૧ થી ૨૫:—આવૃત્તિ બીજી. ત્રણ વર્ણોનું કર્તવ્ય ને સદાચારસ્તોત્રાદિ ૧૫ અંકો. રૂ. ૦—૮—૦

શ્રીઉપદેશગ્રંથાવલિ, અંક ૨૬ થી ૩૫:—મુમુક્ષુની દિનચર્યાદિ ૧૦ અંકો. રૂ. ૦—૮—૦

શ્રીરાસપંચાધ્યાયીઃ—ભક્તિપક્ષના તથા જ્ઞાનપક્ષના અર્થરૂપ રહસ્યાર્થપ્રકાશિકાટીકાસહિત. રૂ. ૦—૭—૦

શ્રીભગવદ્ગીતાદિ પંચરત્નોઃ—તાત્પર્યબોધિનીટીકાસહિત. સોનેરી નામ. રૂ. ૦—૯—૦ સોનેરી શાહીનું નામ. રૂ. ૦—૭—૦ ને કાળી શાહીનું નામ. રૂ. ૦—૬—૦

શ્રીનાથકાવ્યઃ—પૂજ્યપાદ મહાત્માશ્રીરચિત કાવ્યો. રૂ. ૦—૫—૦ **શ્રીમ[illegible]મિત્રઃ**—આવૃત્તિ બીજી. ૦—૪—૦ **શ્રીસદુપદેશમાળાઃ**—રૂ. ૦—૩—૬ **પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશઃ**—બીજી આવૃત્તિ. શાસ્ત્રીય વિષયોનાં સંક્ષેપમાં પ્રશ્નોત્તરો. રૂ. ૦—૩—૬ **શ્રીનાથસ્વરોદયઃ**—આવૃત્તિ બીજી. રૂ. ૦—૨—૬ **શ્રીયોગપ્રભાકરઃ**—આવૃત્તિ

બીજી. અષ્ટાંગયોગનો રહસ્યમય ઉપદેશ. રૂ. ૦–૨–૬ **શ્રીસ્વાભાવિકધર્મઃ**—આવૃત્તિ ત્રીજી. સ્વભાવની એટલે આત્મસ્વરૂપની પ્રાપ્તિના સાધનોનું પ્રતિપાદન. રૂ. ૦–૨–૬ **ઊલટી વાણીનું સ્પષ્ટીકરણઃ**-આવૃત્તિ બીજી. સુંદરવિલાસના વિપર્યયઅંગનું તથા શ્રીકબીરજીનાં શ્રીરાભક્તનાં કઠિનપદોનું સ્પષ્ટ વિવેચન.રૂ.૦–૧–૦ **શ્રીસંધ્યાનો વેદાંતાનુસાર વિચાર**:—રૂ. ૦–૦–૬ **શ્રીપ્રણવપટ્ટ**:—આવૃત્તિ ત્રીજી.૦–૨–
શ્રીપ્રણવવિસ્તારપટ્ટ:—આવૃત્તિ બીજી. રૂ. ૦–૨–૦

શ્રીશંકરાચાર્યનાં અષ્ટાદશ રત્નો:—સાધનપંચક, સદાચાર સ્તોત્ર, ષટ્પદી, વિજ્ઞાનનૌકા, વાક્યસુધા, હરિમીડે, યોગતારાવલી આત્મબોધ, તત્ત્વબોધ, સ્વાત્મનિરૂપણ, ચર્પટપંજરિકા, મોહમુદ્ગર સિદ્ધાંતબિંદુ, વાક્યવૃત્તિ, અપરોક્ષાનુભૂતિ, વિવેકચૂડામણિ, શતશ્લોકી ને ઉપદેશસહસ્રી–ગદ્યબંધ એ ૧૮ રત્નો મૂલ, અર્થ ને અતિસ્ફુટ વિવેચનસહિત. ૧–૮–૦

શ્રીદુરાચારનિગ્રહ:—આ લેખ વિશેષે દ્વિજોને ઉદ્દેશીને છે રૂ. ૦–૨–૬

શ્રીવિનોદમાલા:-તમાકુસ્તોત્રાદિ અઢાર પુષ્પો. રૂ. ૦–૫–

શ્રીપત્રકલ્પમંજરી:—આમાં મનુષ્યોપ્રતિ જીવન્મુક્તનું પત્ર શ્રીપરમાત્મદેવપ્રતિ પ્રહ્લાદેવીનું પત્ર, શ્રીશિવસ્વરૂપપ્રતિ જીવસ્વરૂપનું પત્ર શ્રીસદ્ગુરુપ્રતિ સુશિષ્યનું પત્ર, સામાન્ય મોક્ષસાધકપ્રતિ શ્રેષ્ઠ મોક્ષસાધકનું પત્ર, મોક્ષસાધકનું મોક્ષસાધકપ્રતિ પત્ર, શ્રીસદ્ગુરુનું શિષ્યપ્રતિ પત્ર, ને શ્રીઈશ્વરનું ભક્તપ્રતિ પત્ર એમ આઠ પત્રો છે.

શ્રીસનાતનધર્મની પ્રથમ ગર્જના:—સનાતનધર્મનું નિરૂપણ-

ઉપર જણાવેલાં પુસ્તકો નીચે લખેલે સ્થલે મળે છે.

વ્યવસ્થાપક, આનંદાશ્રમ

બીલખા. કાઠિ